Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું ] [ અંક ૬ ઠ્ઠો

ચૈત્ર

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી માર્ચ

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૬ મું<br>અંક ૬ ઠ્ઠો | ચૈત્ર | વીર સં. ૨૪૭<br>વિ. સં. ૨૦૦. |


## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ) | ૧૨૧ |
| ૨ | શ્રી મહાવીર જન્મોત્સવ ... | ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૨૨ |
| ૩ | શ્રી વીર ગીતા દ્વાત્રિંશિકા ... | ( ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧૨૩ |
| ૪ | वीरप्रार्थना ... ... ... ... ... | ( રાજમલ ભંડારી ) | ૧૨૫ |
| ૫ | શ્રી નમસ્કાર-મહામંત્ર | ( પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ) | ૧૨૬ |
| ૬ | સ્યાદ્વાદ-રહસ્ય ... ... | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૩૧ |
| ૭ | ગુણશીલચૈત્યમાં શ્રી મહાવીર પ્રભુ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૩૪ |
| ૮ | નામોની અવિચ્છિન્ન પુનરાવૃત્તિઓ | (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા M. A.) | ૧૩૭ |
| ૯ | તત્ત્વજ્ઞાનની આવશ્યકતા ... ... | ( મૃદુલા છોટાલાલ કોઠારી ) | ૧૩૮ |
| ૧૦ | પ્રભુમહાવીરનું ચિત્રમય જીવનચરિત્ર | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ) | ૧૪૦ |


## નવા સભાસદ

| | | | |
|---|---|---|---|
| ૧ | રાવબહાદુર જીવતલાલ પ્રતાપશી શેઠ | મુંબઇ | પેટ્રન |
| ૨ | શાહ ગુલાબચંદ ગફલભાઇ | ,, | લાઇફ મેમ્બર |
| ૩ | વળીયા ધુડાલાલ નગીનદાસ ડીસા રાજપુરવાળા | કોલ્હાપુર | ,, |
| ૪ | શાહ પોપટલાલ દુર્લભશી ,, | ,, | ,, |
| ૫ | શાહ ફુલચંદભાઇ શામજી | મુંબઇ | ,, |
| ૬ | શ્રી મોતીલાલ વીરચંદ શાહ | માલેગામ | વાર્ષિક મેમ્બર |
| ૭ | દોશી કાંતિલાલ જગજીવન એમ. એ. | ભાવનગર | ,, |
| ૮ | શાહ કુંદનલાલ કાનજીભાઇ એમ. એ. | ,, | ,, |

### " પ્રકાશ " સહાયક ફંડ

ગયા માસમાં જણાવી ગયા પછી આ માસમાં નીચે પ્રમાણે રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. દરેક બંધુઓને પોતાનો ફાળો મોકલી આપવા આગ્રહભરી વિજ્ઞપ્તિ છે.

| | | |
|---|---|---|
| ૯૩) | અગાઉના | |
| ૨૫) | શાહ નરશીદાસ ગોવીંદજી | જોગેશ્વરી (મુંબઇ) |
| ૫) | શાહ રતિલાલ ભીખાભાઇ | મુંબઇ |
| ૨) | શ્રી સુરજમલ " ચેતક " | સુનેલ |
| રૂા. ૧૨૫) | કુલ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું. અંક ૬ ઠ્ઠો. : ચૈત્ર : વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન.

( રાગઃ—રાખનાં રમકડાં. )

વીરનાં વચણુડાં મારા મનમાં રમતાં રાખ્યાં રે;
જન્મ-મરણનાં દુઃખ હટાવા, પ્રભુએ અમૃત ભાખ્યા રે.
લોકો બોલે અમૃત બીજું, એ અમૃત નહિ માનું;
શિવસુખના જે સ્વાદ ચખાડે, તે અમૃત દિલ આણું રે. વીરનાં૦ ૧
જો અમૃત હોય બીજું જગમાં, ક્રિયા કષ્ટ કાં કરીએ ?
જન્મ-મરણનાં દુઃખ અનંતા, તે લઈ કેમ ન તરીએ રે ? વીરનાં૦ ૨
વિષય-વિષનું ઝેર ઉતારે, ધર્મ અમૃત તે કહીયે;
પાણીને વલોવી વ્હાલાં, માખણ કહો કેમ લઇયે રે ? વીરનાં૦ ૩
સ્યાદ્વાદ સપ્તનયથી ભળીયું, પુણ્યે એ મને મળીયું;
કર્મ પ્રબલ દલ તેથી ગળીયું, નિજ ભાવે દિલ હળીયું રે. વીરનાં૦ ૪
આત્મકમલ એ અમૃત મીઠું, પીને શિવપુર દીઠું;
**લબ્ધિ** વિલાસ રહ્યો જયાં અગણિત, તે જગ અમૃત મીઠું રે. વીરનાં૦ ૫

આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જન્મોત્સવ.

( રાગઃ–બિભાસ. )

પ્રભુ જન્મ ગાવા આજે સહુએ પધારો; ( ૨ )
સહુએ પધારો બંધુ–ભાવને વધારો ( ૨ ) પ્રભુ૦ એ ટેક૦
હૃદયની વિશુદ્ધિ ધારી, ઉમળકાને ઉભરાવી; ( ૨ )
સૌજન્ય લેવા દેવા–સહુએ પધારો. પ્રભુ૦ ૧
યુગધર્મ શિખવવાને, ગચ્છભેદ વિસરવાને; ( ૨ )
સંઘ ઐક્ય કરવા આજે–સહુએ પધારો. પ્રભુ૦ ૨
દીનનાં દુઃખોને હરવા, સ્વધર્મની સેવા કરવા; ( ૨ )
સદ્ધર્મ ભાવે મળવા કાજે–સહુએ પધારો. પ્રભુ૦ ૩
વીર જન્મોત્સવ કરીએ, વીરતું વીરત્વ ભરીએ; ( ૨ )
આ ગુણને સંઘરવા–સહુએ પધારો. પ્રભુ૦ ૪
અજ્ઞાનનાં આછાં અંધારાં, ભવાબ્ધિનાં ભીષણ બારાં; ( ૨ )
એ તિમિરને ટાળવા આજે–સહુએ પધારો. પ્રભુ૦ ૫
માયાએ ભૂલાવ્યાં મનડાં, દુઃખમાં પડ્યાં છે તનડાં; ( ૨ )
એ દુઃખને વિસરવા કાજે–સહુએ પધારો. પ્રભુ૦ ૬
'જીવો' ને 'જીવવા દો' એ બંધુભાવની વહાવો સિંધુ; ( ૨ )
આ અમર મંત્ર ભણવા–સહુએ પધારો. પ્રભુ૦ ૭
ધન્ય દિન ત્રયોદશી આજે, વીર જન્મનો વિજય ગાજે; ( ૨ )
આ વીરવિજયને વરવા–સહુએ પધારો. પ્રભુ૦ ૮
વસંત વૃક્ષે કોકિલા વળતી, ફળ ફૂલમાં સુરભિ ઝરતી; ( ૨ )
એ ઉદાર પરિમલ ધરવા–સહુએ પધારો. પ્રભુ૦ ૯
નંદીશ્વરમાં દેવો મળતા, પ્રભુ જન્મ હોંશે ઉજવતા; ( ૨ )
એ ભાવ ઉદ્દીપન ભરવા–સહુએ પધારો. પ્રભુ૦ ૧૦
સુઘોષા ઘંટ વાગે–ભેરી નૌબત ગાજે; ( ૨ )
આ દિવ્ય ઊર્મિ દાખવવા–સહુએ પધારો. પ્રભુ૦ ૧૧
ભક્તિમાં હુલ્લાસ ભરવા, પ્રભુનું શ્રુત તાજું કરવા; ( ૨ )
અહિંસા મંત્રને ભણવા–સહુએ પધારો. પ્રભુ૦ ૧૨
ધન્ય ભાગ્ય માનવપણું પામ્યા, ધન્ય ભાગ્ય જિનવર ગુણ ગાયા; ( ૨ )
રગે રગે એ ભરવા–સહુએ પધારો. પ્રભુ૦ ૧૩
દેવા દાન ધર્મ સેવા, આનંદ અખંડ લેવા; ( ૨ )
"પ્રકાશ" નું આમંત્રણ આજે–સહુએ પધારો. પ્રભુ૦ ૧૪

શ્રી મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેંપ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીર ગીતા દ્વાત્રિંશિકા.

અનુષ્ટુપ્.

આત્મ ને કર્મના ઉગ્ર, સનાતન રણાંગણે;
વિજયશ્રી વર્યા વીર, પામ્યા 'જિન' પદત્વને. ૧

વસંતતિલકા.

તે વીરનું વીરપણું અહીંઆ સ્તવીશું,
ને આત્મને અમલ પુણ્યજલે ભરીશું;
શ્રી વીરના ગુણની પાવન જાહ્નવીમાં,
નિમજ્જીને ઝીલશું આનંદ ઊર્મિઓમાં. ૨

અનુષ્ટુપ્.

અનાદિની અવિદ્યાથી, આત્મા એહ વિભાવથી;
આક્રમીને પરક્ષેત્ર, થયો ચ્યુત સ્વભાવથી. ૧
ક્ષેત્રાતિક્રમના દોષે, પુદ્ગલે વેર વાળિયું;
સંસાર હેડમાં નાંખ્યો, બાંધી કર્મની બેડિયું. ૨
આંધળા મોહ રાજાએ, ધૃત રાષ્ટ્રજ આત્મનું;
ધૃતરાષ્ટ્રે દબાવ્યું તે, આત્મ રાષ્ટ્રજ નામનું. ૩
અંધ નૃપે પછી એહ, આત્મનું મોહનિર્ભરે:
ક્ષેત્ર ખેદાનમેદાન, કર્યું ખૂંદી ખૂંદી અરે! ૪
કર્મના કાગડાઓ ત્યાં, કાકારવ કરી રહ્યા!
કૌરવો આત્મના ભોગે, ઉજાણી ઉજવી રહ્યા! ૫
વીર ત્યાં આત્મ આ ઊઠ્યો, મોહ નિદ્રા ઉડાડતો;
જ્ઞાન—પ્રકાશની શુભ્ર, પાંડુ વૃત્તિ ઉલ્લાસતો. ૬
રે રે! અંધ-સુતો પાપી! કૌરવો રૌરવો અરે!
આત્મક્ષેત્ર કરો ખાલી, પોકાર પાંડવો કરે. ૭
અમારા આત્મ-રાજાનું ક્ષેત્ર પચાવિયું તમે;
શીઘ્ર ખાલી કરો-ના તો, આવજો પડમાં તમે. ૮
જા જા! ન કરશું ખાલી, થાય તે કરી લ્યો ભલે!
અમારા બાપનું આ તો, ક્ષેત્ર અનાદિનું ખરે! ૯
અમારા મોહ રાજાની, આણ છે જગતીતલે;
તમે તે કુણ છો માત્ર? આવી જાઓ તમે ભલે. ૧૦
કૌરવો કર્મમૂર્ત્તિ ને, ધર્મમૂર્ત્તિ જ પાંડવા;
સામસામા પછી એમ, લાગ્યા જ પડકારવા. ૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મક્ષેત્રે× કુરુક્ષેત્રે, યુદ્ધાર્થે એકઠા થયા;
પાંડવો કૌરવો રૌદ્ર, રણના રસિયા ભયા. ૧૨
મિથ્યાદર્શન સેનાની, નેજા નીચે જ નાચતી;
મોહની કર્મસેના તો, કૃષ્ણ વર્ણ ધરાવતી. ૧૩
સમ્યગ્દર્શન સેનાની, સરદાર નીચે હતી;
વીરની ધર્મસેના તો, શુકલ વર્ણ ધરાવતી. ૧૪
કાળી કૌરવસેના શું, અંધકારે અહીં ઘડી ?
**વીર** પાંડવસેના શું, પ્રકાશે ઉજળી ઘડી ? ૧૫
રણનો શંખ ફૂંકાયો, યુદ્ધશોર મચી રહ્યો;
સિંહનાદ કરી **વીર,** રણરસે લસી રહ્યો. ૧૬
શુકલ ને કૃષ્ણ વૃત્તિનું, તુમુલ ત્યાં મચી રહ્યું;
દેવ દાનવને દશ્ય, દિવ્ય દશ્ય રચી રહ્યું. ૧૭
'સુદર્શન' 'ધર્મચક્ર' **મહાવીરે** ઉપાડિયું;
મિથ્યાદર્શન સેનાની-તણું શિર ઉડાડિયું. ૧૮
કર્મના સૈન્યમાં ત્યારે, ભંગાણ જ પડયું તહીં;
હાહાકાર મચ્યો ભારી, નાશભાગ થઇ રહી. ૧૯
ચારિત્ર મોહરાજે ત્યાં, સરદારી લીધી અને;
હિંમત આપીને રોકયું, નાસતા કર્મ-સૈન્યને. ૨૦
**ચારિત્રધર્મ** યોધ્ધે ત્યાં, મુદ્ગર વ્રતનો ધર્યો;
**ચારિત્રમોહના** પાદ, ઉચ્છેદી લંગડો કર્યો. ૨૧
જાગ્રત બાણ તાકીને, અપ્રમાદ ધનુર્ધરે;
મોહના મર્મમાં મારી, મૂર્ચ્છિત જ કર્યો અરે ! ૨૨
મૃતપ્રાય છતાં મોહ, અંતરે સંજ્વલી રહ્યો;
વીર વિક્રમ ભાળી શું, ઇર્ષ્યાથી તે જલી રહ્યો ! ૨૩
મહામોહ મહાશત્રુ, કદાચ ઉછળે વળી;
ક્ષય કર્યા વિના તેને, રહેવા ના મૂકવો જરી. ૨૪
સતત જાગતા **વીર,** અપૂર્વકરણે વધ્યા;
ખતમ કરવા મોહ, શ્રેણી-ગજ પરે ચઢ્યા. ૨૫
તેના પદ તળે છૂંદી, માર્યો જ મોહ મૂલથી;
**ત્રિશલાનંદને વીરે,** રત્નત્રયી ત્રિશૂલથી. ૨૬

× "**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।**
**मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय ! ॥ "—गीता, १-१**

—આ શ્લોકથી સૂચિત લૌકિક વસ્તુ પરથી આ અલૌકિક આધ્યાત્મિક અર્થ-ઘટના કરવાનો પ્રયત્ન મેં અત્ર કાવ્યમાં કર્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મનો અન્નદાતા આ, મરાતાં મોહ વીરથી;
ટપોટપ પડ્યા ત્રણ્યે, ઘાતિ યોદ્ધા મહારથી. ૨૭
શત્રુ સંહારથી ત્યારે, 'યથાખ્યાત' અહીં કહ્યું;
સ્વરૂપ તેજ તે તેવું, **વીરનું** પ્રતપી રહ્યું. ૨૮
કેવલ લક્ષ્મીએ આવી, **વીરના** કંઠનાલમાં;
વિજયમાલ આરોપી, કર્યું તિલક ભાલમાં. ૨૯
સર્વજ્ઞ સર્વદર્શી આ, વિજેતા વિશ્વવિજયી;
શ્રીપતિ વિષ્ણુ વિખ્યાત, 'જિન'નામ થયા જયી. ૩૦

વસંતતિલકા.

જે જન્મ આ લહી અજન્મપણું જ પામ્યા,
મૃત્યુંજયી જ અમૃતત્વપદે વિરામ્યા;
નિર્મૂલ કર્મ ભવમૂલ સમસ્ત વામ્યા,
સંસારથી પર પરં પદ જેહ પામ્યા. ૩૧

અનુષ્ટુપ્.

સિદ્ધાર્થનંદને તેહ, સિદ્ધાર્થ સઘળા કર્યા;
સ્તવ્યા આ **ભગવાનદાસે**, ભક્તિભાવ ભરે ભર્યા. ૩૨

રચયિતા—ડૉ. **ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.** M. B. B. S.

## वीर प्रार्थना ।

जय जय प्यारा। वीर जिनेश, जय जय प्यारा वीर जिनेश ॥ टेक० ॥
जय जय प्यारा सतत सहारा, दुःखियाओं का दुःख निवारा।
सकल जगत निज धर्म प्रसारा, हरदम हरत क्लेश ॥ जय जय० ॥ १ ॥
वीर जिनेश ! है जगतेश, दे उपदेश दया विशेष।
मेटा अघरम रहा न लेश, अबतक गुण गावत सब देश ॥ जय जय० ॥ २ ॥
जो प्रभु तुं नहीं जगमें आता, सच्चा मारग कौन बताता ?
मोहनिंदसे कौन जगाता, ब्रह्मा, विष्णु, महेश ॥ जय जय० ॥ ३ ॥
तुं ही है सबका हितकारी, नाम लेत मिटता दुःख भारी।
मीलती है सुख सम्पत्ति सारो, अघको चले ना पैश ॥ जय जय० ॥ ४ ॥
परहितमें नितपे मन लागे, ईर्षा द्वेष सभी अब भागे।
प्रेम निरंतर घटमें जागे, वर दो यही हमेश ॥ जय जय० ॥ ५ ॥
बुद्धि हमारी निर्मल कीजे, हमें चरण की सेवा दीजे।
वीर भक्त को भी सुध लीजे, कृपा करो करुणेश ॥ जय जय० ॥ ६ ॥

राजमल भण्डारी–आगर(मालवा).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમસ્કાર મહામંત્ર

લેખક—પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી–પાલીતાણા

કોઇ પણ વસ્તુની ઉપાદેયતા તેના ફળ ઉપર અવલંબેલી છે. જેનું ફળ સર્વશ્રેષ્ઠ તેને વિષે બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ સર્વથી અધિક–એ નિયમ સર્વ ક્ષેત્રોમાં એક સરખો પ્રવર્તી રહેલો છે. પછી તે ક્ષેત્ર ધાર્મિક હો કે સાંસારિક. જેનાથી ઉભય લોકનું કલ્યાણ સિદ્ધ થાય તે ધાર્મિક ક્ષેત્ર ગણાય છે. જેનાથી કેવળ આ લોકના સુખની સિદ્ધિ થાય તે ક્ષેત્ર સાંસારિક છે. આ લોકનાં સઘળાં પ્રયોજનોની સિદ્ધિનો આધાર મુખ્યત્વે ધન ઉપર અવલંબે છે, તેથી ધનોપાર્જન માટે સંસારીઓની પ્રવૃત્તિ વિશેષ ઝુકેલી રહે છે. જેઓને આ લોક સાથે પરલોકના પ્રયોજનની સિદ્ધિનો પણ હેતુ રહેલો હોય છે, તેઓ ધનોપાર્જન સાથે ધર્મોપાર્જન માટે પણ સતત પ્રયત્ન કરે છે. ધનનો અર્થી જેમ સઘળાં પ્રકારના ધનમાં રત્નોને મુખ્ય સ્થાન આપે છે, કારણ કે તેનું મૂલ્ય અધિક ઉપજે છે, અને બોજ ઓછો રહે છે, તેમ ધર્મનો અર્થી પણ બુદ્ધિમાન મનુષ્ય હંમેશાં અલ્પ બોજ અને મહામૂલ્યવાળી વસ્તુને જ વધારે ઝંખે છે. શ્રી નમસ્કાર મહામંત્રને શાસ્ત્રકારોએ એવી જ ઉપમા આપી સ્તવ્યો છે અને કહ્યું છે કે–

> " રત્નતણી જેમ પેટી ભાર અલ્પ બહુ મૂલ્ય,
> ચૌદ પૂર્વનો સાર એ મંત્ર છે તેહને તૂલ્ય;
> સકલ સમય અભ્યંતર પદ એ પંચ પ્રમાણ,
> મહાસુઅખંધ તે જાણો ચૂલા રહિત સુજાણ. "

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી,

અહીં નવકારને કેવળ રત્ન જ નહિં પણ રત્નોની પેટી કહી છે, અને તેના પ્રત્યેક અક્ષરોને મહામૂલ્યવાન રત્નો તરીકેની ઉપમા આપી છે. આગળ વધીને નવકાર મંત્રને ચૌદપૂર્વની તુલ્ય કહ્યો છે, કારણ કે ચૌદ પૂર્વોવડે જ્ઞાની પુરુષોને જે પ્રયોજન સાધવું ઇષ્ટ છે, તે અવસ્થા વિશેષે કેવળ એક નવકારમંત્રથી સિદ્ધ થઇ શકે છે. નવકારમંત્રના પ્રથમ પાંચ પદો સઘળા સિદ્ધાંતોની અભ્યંતર સમાયેલા છે, કારણ કે એ પાંચ પદોનું સ્મરણ, ધ્યાન કે ઉચ્ચારણ કર્યા વિના કોઇ પણ સિદ્ધાન્તની વાંચના થઇ શકતી નથી. શ્રુતકેવલી ભગવાન શ્રી **ભદ્રબાહુસ્વામીજી**એ સૌથી પ્રથમ નિર્યુક્તિ શ્રી નમસ્કાર મહામંત્રની રચેલી છે, અને તે પૂર્વે કે ત્યાર પછી કોઇ પણ સૂત્રની વ્યાખ્યા કરવા પહેલાં નમસ્કાર મંત્રની જ વ્યાખ્યા આદિ સૌ પ્રથમ કરવાની શિષ્ટ પુરુષોની માન્ય પ્રણાલિકા છે. પ્રથમના પાંચ પદની ચૂલિકાના ચાર પદ મળીને સંપૂર્ણ શ્રી નમસ્કારમંત્રને **નંદીસૂત્ર**આદિ માન્ય આગમોમાં 'મહાશ્રુતસ્કંધ' તરીકે વર્ણવેલ છે અને તે સિવાયના અન્ય આગમોને કેવળ શ્રુતસ્કંધ તરીકે સંબોધેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી મહાનિશીથ** સિદ્ધાંતમાં આ નમસ્કાર મહામંત્રને સ્પષ્ટરીતિએ નવપદ, અડસઠ અક્ષર, અને આઠ સંપદાઓવાળો જણાવ્યો છે; ત્યાં કહ્યું છે કે–'આ નમસ્કારમંત્ર કે જેનું બીજું નામ શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ છે, તેનું વ્યાખ્યાન મહાપ્રબંધ( વિસ્તાર )-વડે સૂત્રથી પૃથગ્ભૂત નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિવડે, અનંત ગમ પર્યંવ સહિત જેવી રીતે અનંત જ્ઞાન દર્શનને ધારણ કરનાર તીર્થંકરદેવોવડે કરાયેલું છે, તેવી રીતે સંક્ષેપથી કરાયું હતું પરન્તુ કાલપરિહાણિના દોષથી તે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ વિચ્છેદ પામી છે. વ્યતીત થતા કાલ–સમયમાં મોટી ઋદ્ધિને વરેલા પદાનુસારી અને દ્વાદશાંગ સૂત્રને ધારણ કરનારા શ્રી **વજ્રસ્વામી** થયા. તેમણે આ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર મૂલસૂત્ર શ્રી **મહાનિશીથની** અંદર લખ્યો. આ શ્રી **મહાનિશીથશ્રુતસ્કંધ** સમસ્ત પ્રવચનના સારભૂત, પરમતત્ત્વભૂત તથા અતિશયવાળા અત્યંત મહાન્ અર્થોથી ભરેલું છે. એમાં શ્રી નવકાર સૂત્રનું વ્યાખ્યાન નીચે મુજબ કર્યું છે—

**પ્રશ્ન**—હે ભગવાન્ ! આ અચિન્ત્ય ચિન્તામણિ કલ્પ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો શો અર્થ કહેલો છે ?

**ઉત્તર**—હે ગૌતમ ! આ અચિન્ત્ય ચિન્તામણિ કલ્પ શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ સૂત્રનો અર્થ આ પ્રમાણે કહેલો છે–આ પંચમંગલમહાશ્રુતસ્કંધ જેમ તલમાં તેલ, કમલમાં મકરંદ અને સર્વલોકમાં પંચાસ્તિકાય રહેલ છે, તેમ સકલ આગમોમાં અંતર્ગત રહેલ છે. અને તે યથાર્થ ક્રિયાનુવાદસદ્ભૂત ગુણકીર્તનસ્વરૂપ તથા યથેચ્છ ફલપ્રસાધક પરમસ્તુતિવાદરૂપ છે. પરમસ્તુતિ સર્વ જગત્માં ઉત્તમ હોય તેની કરવી જોઈએ. સર્વ જગત્માં જે કોઈ ઉત્તમ થઈ ગયા, જે કોઇ થાય છે અને જે કોઇ થશે, તે સર્વ અરિહંતાદિ પાંચ જ છે; તે સિવાય બીજા નથી જ. તે પાંચ અનુક્રમે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. તે પાંચેનો ગર્ભાર્થ સદ્ભાવ એટલે પરમ રહસ્યભૂત અર્થ નીચે મુજબ છે.' ત્યારબાદ ચૂલિકા સહિત પાંચે પદોનો વિસ્તૃત અર્થ જણાવીને અંતે કહ્યું છે કે–

" ताव न जायइ चित्तेण चिन्तियं पत्थियं च वायाए ।
काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥ १ ॥ "

'ચિત્તથી ચિન્તવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી કે જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો.'

વર્તમાન શ્રી **મહાનિશીથ સૂત્રની** મૂળપ્રતિ આચાર્ય **શ્રી હરિભદ્રસૂરિએ મથુરા** નગરીમાં શ્રી **સુપાર્શ્વનાથ**સ્વામીના સ્તૂપ આગળ પંદર ઉપવાસ કરીને શાસનદેવતા પાસેથી મેળવેલી છે, પરન્તુ તે ઉધેહી આદિવડે ખંડખંડ થયેલી તથા સડી ગયેલા પત્તાવાળી હોવાથી તેને સ્વમતિ અનુસાર શોધી છે તથા તેને બીજા યુગપ્રધાન શ્રુતધર આચાર્યોએ માન્ય કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચપરમેષ્ઠિઓને નમસ્કારરૂપ આ નવકાર મંત્ર સર્વ મંત્રોમાં શિરોમણિભૂત ગણાય છે, અને એને છોડીને, સ્વતંત્રપણે સેવવામાં આવતા બીજા મંત્રોને, કલ્પતરુને છોડીને કંટકતરુને સેવવા સમાન પ્રતિકૂળ ફળને આપનારા શાસ્ત્રોમાં વર્ણવ્યાં છે. કહ્યું છે કે–

**તજે એ સાર નવકારમંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર;**
**કર્મ પ્રતિકૂળ બાઉલ સેવે, તેહ સુરતરુ ત્યજી આપ ટેવે. ૧**

નવકારમંત્રનું આ મહત્ત્વ યથાર્થ રીતે સમજવા માટે શાસ્ત્રદષ્ટિ, આગમદષ્ટિ અથવા આગમાનુસારી અતિસૂક્ષ્મજ્ઞાનદષ્ટિની આવશ્યકતા છે. સર્વકાળના સ્વપર આગમવેદી શ્રુતધર મહર્ષિઓએ અડસઠ અક્ષરપ્રમાણ માત્ર આ નાનકડા સૂત્રને મહામંત્ર અને મહાશ્રુતસ્કંધ તરિકે સ્વીકારેલ છે, તેના મુખ્ય કારણોનો વિચાર કરતાં એમ લાગે છે કે ધનવાનની સેવા વિના જેમ ધનસિદ્ધિ થતી નથી, તેમ ધર્મવાનની સેવા વિના ધર્મની સિદ્ધિ પણ અશક્ય છે. પૂ. શ્રી **હરિભદ્રસૂરિજી લલિતવિસ્તરા** નામક **ચૈત્યવંદન સૂત્ર**ની ટીકામાં ફરમાવે છે કે. '**धर्मं प्रति मूलभूता वन्दना**'। ધર્મમાર્ગમાં જીવને આગળ વધવામાં મૂલભૂત કોઈ પણ કારણ હોય તો તો ધર્મસિદ્ધ પુરુષોને ભાવથી કરવામાં આવતી વન્દના જ છે.' એ વન્દનાથી આત્મક્ષેત્રમાં ધર્મબીજનું વપન થાય છે અને તેમાંથી ધર્મચિન્તાદિરૂપ અંકુરાઓ તથા ધર્મશ્રવણ અને ધર્મઆચર આદિ રૂપ શાખાપ્રશાખાઓ તથા સ્વર્ગઅપવર્ગ આદિના સુખોની પ્રાપ્તિરૂપ ફુલ–ફલાદિ પ્રગટે છે. અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિઓનું મહત્વ ધર્મસિદ્ધિ અને કેવળ ધર્મની સાધનાના કાર્ય ઉપર અવલંબેલું છે, તેથી ધર્મના અર્થી આત્માઓને, ધનના અર્થી જીવોને ધનવાન પ્રત્યેના આદરની જેમ ધર્મસાધક અને ધર્મસિદ્ધ પુરુષો પ્રત્યેના આદરનું કાર્ય અનિવાર્ય થઇ પડે છે. બીજા શબ્દોમાં ધનવાન્ પ્રત્યે આદર–બહુમાન નથી તે જેમ ધનનો અર્થી છે, એમ સિદ્ધ થતું નથી, તેમ ધર્મવાન્ પ્રત્યે જેને અંતરંગ આદરભક્તિ જાગ્રત થઈ નથી તેને ધર્મનો અર્થી પણ ગણી શકાતો નથી. ધર્મના અર્થી માટે જેમ ધર્મસ્વરૂપ પંચ પરમેષ્ઠિઓને નિત્ય અનેકશઃ નમસ્કાર કરવાનું કાર્ય અનિવાર્ય થઇ પડે છે તેમ જેઓમાં હજુ ધર્મનું અર્થિપણું તે પ્રમાણમાં જાગ્રત થયું નથી, તેઓમાં પણ તે જગાડવા માટે પરમેષ્ઠિઓને નમસ્કારસ્વરૂપ નમસ્કારમંત્રના સ્મરણાદિનું અવલંબન અતિ અગત્યનું થઈ પડે છે. ધર્મપ્રત્યેની પ્રીતિ જેમ સહજ સિદ્ધ હોય છે, તેમ પ્રયત્નસાધ્ય પણ હોય છે. તે ઉભય પ્રકારની પ્રીતિ નમસ્કારવડે સિદ્ધ થાય છે, તેથી ધર્મરૂપી આંતર ધનની ઝંખનાવાળા સત્પુરુષો 'નમસ્કાર' પ્રત્યે સદા આદર યુક્ત ચિત્તવાળા રહે, તેમાં લેશમાત્ર આશ્ચર્ય નથી.

આથી સિદ્ધ થશે કે અંકગણિતમાં 'એક'( ૧ )ની સંખ્યાને જેટલું મહત્વ છે, તેટલું જ મહત્વ ધર્મક્ષેત્રમાં 'પરમેષ્ઠિ નમસ્કાર'ને પ્રાપ્ત થાય છે. એકની સંખ્યા વિનાના મીંડા જેમ મિથ્યા છે, શૂન્યસ્વરૂપ છે, તેમ ધર્મમય અને ધર્મસ્વરૂપ પરમેષ્ઠિઓ પ્રત્યે નમવાના ભાવ વિનાનાં ધર્મઅનુષ્ઠાનો પણ શૂન્ય છે, ફળ રહિત છે. છાર ઉપર લીંપણ કે ઝાંખર ઉપર ચિત્રામણ જેમ ટકી શકતા નથી તેમ ધર્મીઓને 'નમસ્કાર' વિનાના ધર્માનુષ્ઠાન પણ ક્ષણજીવી છે. મૂળ વિનાના વૃક્ષ કે પાયા વિનાના મકાન જેમ નાશ પામવાને સર્જાયેલા છે, તેમ પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિભાવ વિનાના તપ, જપ, શ્રુત કે ચારિત્ર પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળના અનુબંધ રહિત છે, ઊંચે ચઢાવીને નીચે પટકનારા છે. એજ અર્થને બતાવનાર ગાથા **શ્રી નવકારબૃહતફળ** પ્રકરણમાં નીચે મુજબ કહી છે.

**" सुचिरंपि तवो तवियं चिन्नं चरणं सुयं च बहुपढियं ।**
**जइ ता न नमुक्कारे रइ, तओ तं गयं विहलं ॥ १ ॥ "**

લાંબા કાળ સુધી તપને તપ્યાં, ચારિત્રને પાળ્યાં, તથા ઘણાં પણ શાસ્ત્રોને ભણ્યાં પણ 'નમસ્કારને વિષે રતિ ન થઇ' તો સઘળું નિષ્ફળ ગયું જાણવું. ચતુરંગ સેનાને વિષે જેમ સેનાની મુખ્ય છે, તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી ચતુરંગ આરાધનાને વિષે 'નવકાર' એ મુખ્ય છે, અથવા નમસ્કારરૂપી સારથીથી હંકાયેલો તથા જ્ઞાનરૂપી ઘોડાઓથી જોડાયેલો 'તપ, નિયમ તથા સંયમરૂપી રથ' એ જ જીવને મુક્તિરૂપી નગરીએ પહોંચાડવાને સમર્થ થઇ શકે છે, એવો શાસ્ત્રકારોનો સિદ્ધાંત છે. તેથી શ્રી જિનશાસનમાં શ્રી 'નમસ્કાર મંત્ર'ને સૌથી વિશિષ્ટ સ્થાન અપાયેલું છે અને સર્વ આરાધનામાં તેની ગણના મુખ્ય તરીકે મનાયેલી છે. **'નવ લાખ જપંતા નરક નિવારે'** તથા **'નવ લાખ જપંતાં થાયે જિનવર'** ઇત્યાદિ સુભાષિતો 'નવકાર'ની શ્રેષ્ઠતાને સાબિત કરવા માટે પરમ પ્રમાણરૂપ છે. અંતસમયે શ્રુતધરોને પણ અન્ય સઘળાં શ્રુતનું અવલંબન છોડીને એક નવકારનું જ અવલંબન લેવા માટે શાસ્ત્રકારોનું ફરમાન છે. ઘર સળગે ત્યારે ઘરનો સ્વામી શેષ વસ્તુને છોડીને આપત્તિ–નિવારણ માટે સમર્થ એવા એક મહારત્નને જ ગ્રહણ કરે છે અથવા રણસંકટ વખતે સમર્થ સુભટ પણ જેમ શેષ શસ્ત્રોનો ત્યાગ કરીને એક અમોઘ શસ્ત્રને જ ગ્રહણ કરે છે, તેમ અંતસમયે મહારત્ન સમાન અથવા કષ્ટસમયે અમોઘ શસ્ત્ર સમાન એક શ્રી નવકારને જ ગ્રહણ કરવાનું શાસ્ત્રવચન છે, કારણ કે તેનો બોજ ઓછો છે અને મૂલ્ય ઘણું છે. બોજ એટલા માટે ઓછો છે કે તેના અક્ષર માત્ર અડસઠ જ છે; મૂલ્ય એટલા માટે અધિક છે કે તે ધર્મવૃક્ષના મૂળને સિંચે છે, ધર્મ-પ્રાસાદના પાયા તરીકેનું કાર્ય કરે છે, ધર્મપુરમાં પ્રવેશ કરવાના દ્વારરૂપ બની રહે છે, ધર્મરત્નોને સંગ્રહિત થવા માટે પરમનિધાનની ગરજ સારે છે. કારણ પણ એ છે કે તે સર્વ જગતમાં ઉત્તમ એવા ધર્મને સાધી ગયેલા, સાધી રહેલા અને સાધી જનારા સર્વ-શ્રેષ્ઠ પુરુષોને પ્રણામરૂપ છે, તેઓના હાર્દિક વિનયરૂપ છે, તેઓના સત્ય ગુણોના ભાવ-પૂર્વક સમુત્કીર્તન સ્વરૂપ છે, તેથી યથેચ્છ ફળને સાધી આપનાર છે. એ એકડાને સિદ્ધ કર્યા વિના જેઓ ધર્મના અન્ય અનુષ્ઠાનોવડે યથેચ્છફળની આશા સેવે છે, તેઓ બારાખડી ભણ્યા વિના જ સકળ સિદ્ધાંતના પારગામી થવાની મિથ્યા આશા રાખનારા છે. 'નવકાર' એ ધર્મગણિતનો એકડો છે અથવા ધર્મ–સાહિત્યની 'બારાખડી' છે. જેમ 'એકડા' નો કે 'બારાખડી' નો પ્રથમ અભ્યાસ બાળકને કષ્ટદાયી ભાસે છે તથા 'અતિપ્રયત્ન સાધ્ય' હોય છે, તેમ ધર્મના 'એકડા કે બારાખડી સ્વરૂપ' 'નવકાર' નો પણ યથાસ્થિત અભ્યાસ ધર્મ માટે બાળક તુલ્ય જીવોને અતિ કષ્ટસાધ્ય અને અરુચિકર ભાસે છે, તો પણ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કસોટીમાંથી પસાર થયા વિના આજ સુધી કોઇની પણ સાચી પ્રગતિ ધર્મમાર્ગમાં સિદ્ધ થઇ શકી નથી, થઇ શકતી નથી, થઇ શકશે નહિ, એ ત્રિકાળસત્ય છે. નવકારનો એ અભ્યાસ આકરો કે અરૂચિકર માનીને જેઓ છોડી દે છે, અથવા તેની ઉપેક્ષા કરે છે, તેઓ પોતાના ધાર્મિક જીવનની જ ઉપેક્ષા કરે છે, એમ કહેવું જરા પણ ખોટું નથી.

શ્રી જૈન–શાસનમાં પ્રત્યેક ક્રિયાના પ્રારંભમાં 'નવકાર'ના સ્મરણની આજ્ઞા કરવામાં આવી છે, તેની પાછળ ગંભીર રહસ્ય છુપાયેલું છે, તે આથી સ્પષ્ટ થશે. ઉઠતા કે સુતા, ખાતાં કે પીતાં, જીવતાં કે મરતાં, નવકારની અંદર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવાની શાસ્ત્રકારોની આજ્ઞાનું પરમ રહસ્ય સમ્યગ્દષ્ટિ, શાસ્ત્રાનુસારી, મધ્યસ્થદષ્ટિ જીવોના ખ્યાલમાં તુરત આવી શકે એમ છે અને એ ખ્યાલ આવ્યા પછી આત્મહિતના વિશેષ અર્થી આત્માઓને અધિકાધિક સંખ્યામાં નવકારને ગણવાનું શાસ્ત્રીય પ્રતિપાદન કેટલું મહત્ત્વનું બની રહે છે, તે પણ સમજાયા સિવાય રહેશે નહિ.

અંતમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનો શ્રી 'નવકારમંત્ર'ના માહાત્મ્યને વર્ણવતો એક અપૂર્વ શ્લોક ટાંકી આ લેખ પૂરો કરીશું. તેઓશ્રી ફરમાવે છે કે:—

" कृत्वा पापसहस्राणि, हत्वा जंतु शतान्यपि ।
अमुं मंत्रं समाराध्य, तिर्यंचोऽपि दिवं गता ॥ १ ॥ "

હજારો પાપો અને સેંકડો હિંસાઓ કરનારા તિર્યંચો પણ આ મંત્રને સમ્યક્ પ્રકારે આરાધીને દેવગતિને પામ્યા છે.

શાસ્ત્રદષ્ટિએ જેમ 'નવકાર' અતિ મહત્વનું સ્થાન ધરાવે છે તેમ મંત્રદષ્ટિએ પણ તેનું ઘણું મહત્વભર્યું સ્થાન છે. સ્વોપજ્ઞ વૃત્તિયુત શ્રી યોગશાસ્ત્ર નામક મહાગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિવરે તે ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે. તેઓશ્રીએ નવકાર મંત્રના વિવિધ રીતે કરવામાં આવતા જાપ અને તેના ફળનું ત્યાં વિસ્તૃત વિવેચન કર્યું છે. અર્થી જીવોને તે સ્થળે જોઇ લેવા ભલામણ છે.*

---

* પૂજ્યપાદ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજાએ નમસ્કાર (નવકાર) મહામંત્ર ઉપર અતિ ચિંતનીય લેખ લખ્યો છે, તે અમારા વાચકોને ધ્યાનપૂર્વક વાંચવા ભલામણ છે. થોડા સમય બાદ ચૈત્રી ઓળીનો પ્રસંગ આવે છે, તેમાં નવપદજીની આરાધના આયંબિલ તપ સાથે કરવામાં આવશે. નવપદજી એ નવકારમંત્રનાં નવ પદો છે, જેમાંના પહેલા પાંચ પદો અરિહંત ભગવાન આદિને નમસ્કારના છે, અને છેલ્લા ચાર પદો ચૂલિકારૂપે અર્થાત્ નવકાર–નમસ્કારમંત્રના જાપનું ફળ બતાવનાર છે. નવકારમંત્ર કેવો મહામંગલ મંત્ર છે, અને તેની આરાધના અને જાપ વિધિપૂર્વક કરવાથી કેવી આત્મજાગૃતિ અને સમ્યક્ શ્રદ્ધાન થાય છે તે આ લેખમાં બતાવવામાં આવ્યું છે. નવકારમંત્રને અંગે વિશેષ માહિતી મેળવવાની ઇચ્છાવાળાએ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીએ લખેલ 'શ્રી નમસ્કાર મહામંત્ર' નામનું પુસ્તક વાંચવા અમારી સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ–રહસ્ય.

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જૈન સમાજમાં કેટલાક અણજાણુ માણસો એક વખત એક કામ કરીને ફરી બીજી વખત વિપરીતપણે કરતા હોય અને તેમને કોઇ પૂછે કે તમે તે દિવસે તો આમ કરતા હતા અને આજ આમ વિપરીતપણે કેમ કરો છો ? તો તેઓ ઝટ કહી દે છે કે અમારો તો સ્યાદ્વાદ ધર્મ છે, એટલે કામ પડે તો માયા પણ કરીએ અને સરળતા પણ રાખીએ. અમે સ્યાદ્વાદી રહ્યા તેથી અમને કોઇ પણ પ્રકારનો બાધ નડતો નથી. આવી રીતે કહેનારાઓ સાચી વસ્તુસ્થિતિથી તદ્દન વેગળા હોય છે. આમ પણ કરવું અને આમ પણ કરવું તે સ્યાદ્વાદ ન કહેવાય. સ્યાદ્વાદમાં કરવાપણું કાંઇ પણ હોતું નથી. વાદનો અર્થ બોલવું થાય છે, એટલે એક વસ્તુને સાચી રીતે જાણીને કહી બતાવવી; વસ્તુના યથાર્થ બોધનું નામ સ્યાદ્વાદ છે. જ્યારે અનંત ધર્મવાળી વસ્તુને કોઇ એક ધર્મરૂપ દેશથી કહેવી હોય છે ત્યારે સ્યાદ્ શબ્દ જોડીને કહેવાથી તે વસ્તુની યથાર્થ પ્રરૂપણા થઇ શકે છે.

કોઇ પણ વસ્તુ એક ધર્મવાળી હોતી નથી પણ અનેક ધર્મવાળી હોય છે. ધર્મોના ત્રણ પ્રકાર છે. સ્વધર્મ, પરધર્મ અને ઉભય ધર્મ. જેમ કે ઘડો અને વસ્ત્ર. આ બંને વસ્તુઓમાંથી ઘડામાં જે ઘડાપણું, એટલે પાણી ધારણ કરવાપણું છે તે ઘડાનો સ્વધર્મ છે અને વસ્ત્રમાં વસ્ત્રપણું એટલે શરીર ઢાંકવાપણું તે વસ્ત્રનો સ્વધર્મ છે. ઘડાને માટે વસ્ત્રપણું અને વસ્ત્રને માટે ઘડાપણું તે પરધર્મ કહેવાય છે. પ્રમેયત્વ, જ્ઞેયત્વ આદિ ઘટ તથા વસ્ત્રમાં પણ રહેતા હોવાથી ઉભય ધર્મ કહેવાય છે. આ બધાય ધર્મો સાધારણ તથા અસાધારણના નામથી પણ ઓળખાય છે. દરેક વસ્તુમાં અર્થક્રિયા રહેલી હોય છે અને તે વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે. જેમ કે પ્રકાશ કરવારૂપ અર્થક્રિયા દીપકનો, શીતળતા આપવાપણું પાણીનો, અને બાળવાપણું અગ્નિનો બોધ કરાવે છે. આવી જ રીતે વસ્તુમાત્રમાં રહેલી ભિન્ન ભિન્ન અર્થક્રિયા ખાસ ખાસ વસ્તુનો બોધ કરાવતી હોવાથી તેને તે તે વસ્તુના અસાધારણ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે કે જેને લોક ભાષામાં ખાસીઅત કહેવામાં આવે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપી તથા અરૂપી ધર્મો સાધારણ છે અને તે ભિન્ન ભિન્ન અર્થક્રિયા કરવાવાળી ભિન્ન ભિન્ન વસ્તુઓમાં રહેલા હોય છે અને જ્ઞેયત્વાદિ સાધારણ ધર્મો તો વસ્તુમાત્રમાં રહે છે. પછી તે ચાહે રૂપી હોય, અરૂપી હોય, જીવ કે અજીવ જ કેમ ન હોય. બધેય સરખી રીતે રહી શકે છે. વસ્તુમાં રહેલા સમગ્ર ધર્મોથી વસ્તુને ઓળખવામાં આવે તો સાચી ઓળખાણ કહી શકાય, પણ અનેક ધર્મવાળી વસ્તુને બીજા બધાય ધર્મોનો નિષેધ કરીને તેમાંના કોઇ એક ધર્મથી જ વસ્તુને ઓળખવામાં આવે તો તે ઓળખાણ સાચી હોતી નથી. તેથી તે અપૂર્ણ ઓળખાણ કહેવાય છે. અને જો બીજા ધર્મોનો નિષેધ ન કરતાં તેને ગૌણ રાખીને અને એક ધર્મને મુખ્ય રાખીને જો વસ્તુને ઓળખવામાં આવે તો તે પણ સાચી ઓળખાણ હોઇ શકે છે. વસ્તુ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં રહેલા અનેક ધર્મોમાંથી કોઇ એક ધર્મદ્વારા વસ્તુને ઓળખવી તે નય કહેવાય છે. જેમ કે મનુષ્ય પર્યાયમાં રહેલા આત્માને માણસ કહેવો. બીજા ધર્મોને ગૌણ રાખીને એક ધર્મથી વસ્તુને કહેવી તે સુનય. જેમ કે, આત્મા માણસ પણ છે અને બીજા ધર્મોનો નિષેધ કરીને એક ધર્મથી વસ્તુને જણાવવી તે કુનય કહેવાય. જેમ કે, આત્મા માણસ જ છે.

વસ્તુના એક દેશને ગ્રહણ કરવાવાળો નય કહેવાય છે અને તે નિયમથી મિથ્યાદષ્ટિ હોય છે, કારણ કે તેનાથી વસ્તુનો સંપૂર્ણ બોધ ન થવાથી અયથાર્થ જ્ઞાન થાય છે અને એટલા માટે જ નયવાદને મિથ્યાવાદ કહેવામાં આવે છે, તેથી જિન પ્રવચનના તત્ત્વને જાણવાવાળા મિથ્યાવાદને ટાળવાને માટે બધીય વસ્તુની સાથે સ્યાત્ શબ્દ જોડીને તેનું કથન કરે છે. કોઇ પણ વસ્તુની સાથે સ્યાત્ શબ્દનો પ્રયોગ કર્યા સિવાય તે વસ્તુનું નિરૂપણ કરતા નથી. કદાચ એવી આશંકા થાય કે વસ્તુમાત્રની સાથે સ્યાત્ જોડવામાં આવે તો પછી એવકારનો પ્રયોગ થઇ શકતો નથી અને તેનો પ્રયોગ કર્યા સિવાય કોઇ પણ વસ્તુનું અવધારણ-નિર્ણય ન થવાથી અનિશ્ચિતવાદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પણ તેમ નથી, કારણ કે સ્યાત્ શબ્દ અન્યનો સંગ્રહ કરનારો છે અને એવ શબ્દ અન્યનો નિષેધ કરનારો છે. તેથી બંને પરસ્પર વિરોધી હોવા છતાં પણ સાથે રહી શકે છે અને વસ્તુસ્થિતિ જોતાં તો બંને એક સ્થળે સાથે રહેવા છતાં પણ બંનેયમાંથી એકેયને કાંઇ પણ બાધ નડી શકતો નથી તેથી અનિશ્ચિતવાદની આશંકા ટળી જાય છે.

જૈન દર્શનમાં વસ્તુને સાચી રીતે જાણવાને માટે સ્યાત્ અને એવ આ બે શબ્દોનો સાથે ઉપયોગ કરવામાં આવે છે. સ્યાત્ શબ્દ અન્યનો સંગ્રહ કરનારો છે અને એવ અન્યનો નિષેધ કરે છે. આ બંને પરસ્પર વિરોધી હોવા છતાં પણ વસ્તુનો સાચી રીતે બોધ કરાવી શકે છે, કારણ કે જે વસ્તુની સાથે સ્યાત્ જોડાય છે તે નહિ કહેવામાં આવેલા વસ્તુમાં રહેવાવાળા બધાય ધર્મોનો સંગ્રહ કરે છે, અને એવ શબ્દ જે વસ્તુ તેના દેશરૂપ કોઈ એક ધર્મથી ઓળખાવવામાં આવી હોય તેને બદલે બીજી ભિન્ન વસ્તુના સંબંધની શંકા ટાળીને વસ્તુનું અવધારણ-નિર્ણય કરે છે, જેમકે જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ-વાળો જીવ છે કે નહિ? એવી આશંકા ઉપસ્થિત થાય ત્યારે કહેવામાં આવે છે કે **स्यात् जीव एव।** અહીં જીવ શબ્દ પ્રાણુ ધારણુ કરવાવાળું જીવ શબ્દનું વાચ્ય દ્રવ્ય વિશેષ ગ્રહણુ કરે છે અને એવકાર જીવ શબ્દના વાચ્ય તરીકે કરેલી અજીવની આશંકાને દૂર કરે છે. અર્થાત્ જ્ઞાનાદિ ગુણુવાળો અજીવ હોઇ શકે નહિ પણ જીવ જ હોઇ શકે છે. સ્યાત્ શબ્દ જ્ઞાન, દર્શન, સુખ આદિ અસાધારણુ અને અમૂર્તપણું, અસંખ્યાત પ્રદેશપણું તથા સૂક્ષ્મપણું સાધારણ કે જે ધર્મો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય આદિમાં પણ રહેલા છે તેમજ સત્વ, પ્રમેયત્વ, ધર્મિત્વ, ગુણુત્વ આદિ ધર્મો કે જે વસ્તુમાત્રમાં રહેલા છે આ બધાય સાધારણ તથા અસાધારણુ ધર્મમાત્રનું ગ્રહણુ કરે છે. અને જ્યારે જીવ જ્ઞાનાદિ લક્ષણવાળો છે કે અન્ય લક્ષણવાળો છે એવી આશંકા થાય ત્યારે આ પ્રમાણે નિર્ણય કરવામાં આવે છે કે **स्यात् ज्ञानादिलक्षण एव जीव** આ સ્થળે પણ જીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દ તેનું વાચ્ય પ્રાણ ધારણ કરવાવાળા ચેતન દ્રવ્યની પ્રતીત કરાવે છે અને એવકાર લક્ષણનો નિર્ણય કરે છે. એટલે કે જ્ઞાનાદિ લક્ષણ જીવનું બીજાનું નથી. સ્યાત્ શબ્દ જીવમાં રહેલા સાધારણ તથા અસાધારણ બધાય ધર્મોનું ગ્રહણ કરે છે જયારે જગતમાં જીવ છે કે નહિ એવી જીવના માટે અસંભવની આશંકા કરવામાં આવે ત્યારે આ પ્રમાણે અવધારણ કરવામાં આવે છે કે "**स्यात् अस्ति एव जीव**" અહિં પણ સ્યાત્ શબ્દનો પ્રયોગ કરીને સાધારણ તથા અસાધારણ ધર્મો ગ્રહણ કર્યાં છે અને "અસ્તિ એવ" આ પ્રમાણે અસ્તિની સાથે એવ શબ્દ વાપરીને જીવના અસંભવની આશંકા ટાળી છે અને જીવ શબ્દથી જીવ શબ્દનું વાચ્ય પ્રાણધારણ કરવાવાળું ચેતન દ્રવ્ય વિશેષ ગ્રહણ કર્યું છે.

આવી જ રીતે દરેક સ્થળે જ્યાં સ્યાત્ શબ્દ ન વાપર્યો હોય ત્યાં પણ સ્યાત્ શબ્દ વાપરવાપૂર્વક વસ્તુનું અવધારણ કરવું જેથી વસ્તુનો યથાર્થ બોધ થઇ શકે છે. જો એવકાર દ્વારા અવધારણ કરવામાં ન આવે તો જીવ તથા અજીવ આદિ વસ્તુતત્વની વ્યવસ્થાના લોપનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અર્થાત્ જીવ અજીવ આદિની વ્યવસ્થા બની શકતી નથી. જો બીજા અજીવાદિ દ્રવ્યોનો નિષેધ કરીને જ્ઞાન-દર્શન-ઉપયોગ લક્ષણવાળો જીવ જ છે એવું અવધારણ કરવામાં ન આવે તો અજીવ પણ જ્ઞાનાદિ લક્ષણવાળો થવાનો પ્રસંગ આવે છે અને તેથી જીવ તથા અજીવની વ્યવસ્થાનો લોપ થવાથી આ જીવ છે અને આ અજીવ છે એવી નિશ્ચયાત્મક ઓળખાણ થઇ શકતી નથી. અને જો જ્ઞાન, દર્શન, ઉપયોગ લક્ષણ જ જીવનું છે, આ પ્રમાણે અન્ય લક્ષણનો નિષેધ કરીને જ્ઞાનાદિ ગુણ સ્વરૂપ લક્ષણનું અવધારણ કરવામાં ન આવે તો અજીવમાં રહેવાવાળા અસાધારણ અથવા તો સાધારણ લક્ષણની આશંકા થવાથી પણ જીવ તથા અજીવનો નિયમિત બોધ થઇ શકતો નથી અને તેવી વસ્તુનો સમ્યગ્ બોધ ન થવાથી સમ્યગ્વાદની ઇચ્છાવાળાને બધેય સ્યાત્ પદ વાપરવાની જેટલી જરૂરત છે તેટલી જ જરૂરત અવધારણાત્મક એવ પદ વાપરવાની પણ છે.

આ પ્રમાણે **स्यात्** તથા **एव**ને વસ્તુતત્વના બોધમાં પ્રધાનતા આપવામાં આવી છે, કારણ કે દ્રવ્ય તથા પર્યાય એમ બે પ્રકારની વસ્તુ માનવામાં આવી છે. આ બંને વસ્તુઓ એક રૂપે હોવા છતાં પણ એકને દ્રવ્ય અને બીજીને પર્યાય કહેવામાં આવે છે. તોયે દ્રવ્યથી ભિન્ન પર્યાય અને પર્યાયથી ભિન્ન દ્રવ્ય જેવી કોઇ વસ્તુ નથી. જે કોઇ કારણના નામથી ઓળખાય છે તે દ્રવ્ય અને કાર્ય તરીકે ઓળખાય છે તે પર્યાય, તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો અનેક અવસ્થાઓમાં જે એક રૂપે દેખાય તે દ્રવ્ય અને અનેક અવસ્થાઓ દેખાય તે પર્યાય. જેમકે, મનુષ્ય દ્રવ્ય કહેવાય છે, અને બાળ, તરુણ, વૃદ્ધ આદિ અવસ્થાઓ પર્યાય કહેવાય છે. માટી દ્રવ્ય છે અને સ્થાસ-કોશ-કુશૂળ-કપાળ-ઘટ આદિ પર્યાયો છે. દ્રવ્ય સામાન્ય રૂપે રહે છે અને પર્યાયો વિશેષ રૂપોને ધારણ કરે છે. પર્યાયોમાં પણ સાપેક્ષ દ્રવ્ય રહેલું છે અને તે પૂર્વ પર્યાયને કહેવામાં આવે છે. અર્થાત્ પૂર્વ-પૂર્વ પર્યાય તે દ્રવ્ય અને ઉત્તર-ઉત્તર પર્યાય તે પર્યાયના નામથી ઓળખાય છે. આવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણશીલ ચૈત્યમાં મહાવીર પ્રભુ.

લેખક—મોહનલાલ દીપચંદ ચોકસી.

ભગવંત મહાવીર દેવના જન્મ કલ્યાણકના પવિત્ર અવસરે જે જીવનચર્યા સંબંધમાં પવિત્ર કલ્પસૂત્રમાં માત્ર નોંધ જ લેવાઇ છે એ અંગે વધુ પ્રમાણમાં અવગાહન કરવાની અગત્ય વિચારી નિમ્ન પ્રસંગ 'શ્રમણ ભગવાન્ મહાવીર' નામના હિંદી ગ્રંથમાંથી ઉચિત ફેરફાર સાથે રજૂ કરવામાં આવેલ છે. એમાં ભગવંતે શ્રીમુખે ભાવના અને મમત્વ અંગે જે મુદ્દાસર વાત કહી છે એ ખાસ મનન કરવા જેવી છે.

વર્ષાકાળની પૂર્ણાહૂતિ થતાં જ ભગવાન્ શ્રી મહાવીરદેવ વિદેહ ભૂમિથી નીકળી વિહાર કરતાં કરતાં મગધ દેશમાં આવી પહોંચ્યા અને રાજગૃહીના ગુણશીલ ચૈત્યમાં થોભ્યા. આ સમયે રાજગૃહીમાં નિર્ગ્રંથના પ્રવચનમાં શ્રદ્ધા ધરનાર અનુયાયીઓની સંખ્યા વિશાલ હતી. એ ઉપરાંત બીજા મતપ્રવર્તકો પણ ત્યાં વિચરતા હોવાથી તેમને માનનાર વર્ગ પણ હતો જ. એમાં બૌદ્ધ અને આજીવકના શ્રમણો એક બીજાની માન્યતાના ખંડન અને ઉપહાસ પણ કરતા. ઇન્દ્રભૂતિ ગૌતમના જાણવામાં આવ્યું કે જ્યારે સ્થવિરો ગોચરી અર્થે કિંવા અન્ય કારણે વસતીમાં જાય છે ત્યારે માર્ગમાં આજીવકો તરફથી એમને જાતજાતના પ્રશ્નો કરવામાં આવે છે. એ સર્વનો ભગવંતના મુખથી યોગ્ય ખુલાસો મેળવાય તો સ્થવિરોને લાભ થાય અને દૂર રહ્યા રહ્યા પૂછનાર આજીવકોને પણ લાભ થાય. ગણધરમુખ્ય ગૌતમસ્વામી મહારાજે પૂછયું. હે ભગવંત! સામાયિક વ્રતમાં રહેલા શ્રમણોપાસક યાને શ્રાવકના ઘરમાંથી કોઇ વાસણ આદિ વસ્તુ ચોરી લઇ નાશી જાય તો શ્રાવક સામાયિક પારીને તપાસ કરે કે ન કરે? અને જો કરે તો એ પોતાના વાસણ આદિની તપાસ કરે છે કે પારકાના?

ગૌતમ! એ પોતાના વાસણની તપાસ કરે છે; નહિં કે પારકાના.

ભગવન્! શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) અથવા પૌષધોપવાસ જેવી કરણી ટાણે એ પરતું પોતાપણું દૂર નથી થઇ જતું?

ગૌતમ! એ સાચું છે કે સામાયિક, પૌષધઆદિ વ્રતમાં રહેલ શ્રમણોપાસક વસ્તુ

---

ઘટ-પટાદિ પર્યાયોને પણ દ્રવ્ય કહેવામાં આવે છે, અને તેથી જેમ દ્રવ્યમાં પર્યાય રહે છે તેમ પર્યાયમાં પણ દ્રવ્ય રહે છે. અર્થાત્ અનેક વિશેષોમાં સામાન્યપણે રહેવાવાળું દ્રવ્ય કે જે એક દ્રવ્યાર્થિક નયના વિષયપણે ઓળખાય છે તે અને બીજું પર્યાયોમાં પૂર્વ પર્યાય સ્વરૂપ દ્રવ્ય આ બન્ને પ્રકારના દ્રવ્યોમાં ઉપાદાન કારણતા એક સરખી રીતે રહેલી છે છતાં એકમાં ભવન (પરિણમન) સ્વભાવતા છે અને બીજામાં ભૂત તથા ભાવિ પર્યાયની કારણતા છે. આ બંને દ્રવ્યો તથા પર્યાયોના યથાર્થ બોધના માટે **સ્યાત્** તથા **एव**કારની અત્યંત આવશ્યકતા રહે છે. **સ્યાત્** અનંત ધર્માત્મક વસ્તુ(દ્રવ્ય)નો બોધ કરાવે છે. અને **एव**કાર વિશિષ્ટ પર્યાયનું નિરધારણ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર પોતાપણું રાખી શકતો નથી. અર્થાત્ એ વેળા મારાપણાની અથવા માલીકી હક્કની વૃત્તિ રહેતી નથી.

જ્યારે સ્થિતિ આમ છે તો પછી, ભગવંત! વ્રતકાળે જે વસ્તુની ચોરી થઇ, એની તપાસ વ્રતની પૂર્ણાહૂતિ પછી કરનાર શ્રમણોપાસક 'હું મ્હારા વાસણ વા વસ્તુની તપાસ કરું છું' એમ કેમ કહી શકે? જ્યારે મારાપણું છોડી દીધું હતું ત્યારે વાસણ કે વસ્તુ એની રહી નહોતી. પછી એની તપાસ કરવાનો એને અધિકાર કયાંથી હોઇ શકે? જ્યાં અધિકારના ફાંફાં ત્યાં મ્હારાપણાની છાપ કેવી?

ગૌતમ! એ નાનકડી લાગતી વાત સમજવા જેવી છે. એ સારૂ 'અપેક્ષા' રૂપી દીપિકાને હાથમાં રાખી વિચારણા કરવાની છે. વ્રતમાં રહેલા શ્રમણોપાસકની ભાવના હોય છે કે સોનું, રૂપું, વાસણ, વસ્ત્ર કે મણિરત્નાદિ પદાર્થ મારા નથી. વ્રતની પ્રતિજ્ઞા સાથે એ સર્વ પરથી સંબંધ છોડી દે છે. એનો ઉપયોગ કરતો નથી પણ એ પદાર્થોથી એનો મમત્વ ભાવ છૂટી જતો નથી. અને મમત્વભાવ છૂટયો ન હોવાથી એ પદાર્થો પરાયા કે પારકાના બની જતાં નથી. એના જ રહે છે યા ગણાય છે.

ભગવન્! સામાયિક વ્રતમાં બેઠેલા શ્રમણોપાસકની ભાર્યા જોડે કોઇ સંગમ કરે અર્થાત્ મૈથુન સેવે તો શું કહેવાશે? ભાર્યા જોડે સંગમ કર્યો કે અભાર્યા જોડે?

ગૌતમ! શ્રમણોપાસકની ભાર્યા જોડે સંગમ કર્યો એમ કહેવાય.

તો પછી, ભગવંત! શીલવ્રત, ગુણવ્રત અથવા પૌષધોપવાસી વેળા-એ અંગેની કરણી ટાણે ભાર્યા 'અભાર્યા' કેવી રીતે સંભવે? અર્થાત્ એ પરનું સ્વામિત્વ છોડયું એમ કેમ ગણાય?

હા, ગૌતમ! એ વાત સમજાવું. વ્રત વેળા શ્રાવકની ભાવના એવી હોય છે કે-'માતા, પિતા, ભાઇ, ભગિની, સ્ત્રી, પુત્ર, પુત્રી અથવા પુત્રવધૂ આદિ સ્વજનોમાંથી કોઇ મારું નથી. એ સર્વ સંબંધો કર્મજનિત છે. હું એકલો છું અને જ્ઞાનદષ્ટિથી જોતાં ઉપરના સંબંધો નશ્વર સ્વભાવી છે.' આ 'ભાવ'ની નજરે કહેવાય કે 'મારાપણું' તજ્યું. ભાવના ઉપર વર્તવા તેવી છતાં પણ શ્રાવકના એ સર્વ સાથેના સ્નેહબંધનો વિચ્છેદ નથી થતો. એ કારણથી 'ભાર્યા-સંગમ' જેવો પ્રયોગ જ કરવાનો, એ જ વહેવારુ ભાષા. અનેકાંત દર્શનની ખૂબી આ સમન્વયમાં સમાઇ છે.

ગણધરમુખ્ય શ્રી ગૌતમસ્વામીને ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવે આપેલ ઉત્તર અને એ પાછળ સમાયેલા રહસ્ય વિચારતાં સહજ ઉચ્ચરી જવાય છે કે-અપૂર્વ જ્ઞાન સિવાય આવી ગુંચો ન જ ઉકલી શકે. કહેવાયું છે કે-

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠિણ કર્મ કરે છેહ.
પૂર્વ કોડી વર્ષો લગે અજ્ઞાની કરે તેહ.

અર્થાત્ જ્ઞાન એ તો અમૂલ્ય ખજાનો છે. 'Knowledge is power.' એ આંગ્લ સૂત્ર પણ લોકાલોકપ્રકાશકર જ્ઞાનની અચિંત્ય શકિતને પુષ્ટિ આપે છે.

ચાલુ પ્રસંગમાં જોઇએ તો ભગવંત શ્રમણોપાસકના પાંચ અણુવ્રત પાછળ રહેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતમતા શિષ્ય એવા ગૌતમની સામે ઉઘાડી કરે છે એના પ્રકાર વર્ણવે છે. તેઓશ્રી કહે છે કે શ્રમણોપાસક પ્રતિક્રમણદ્વારા ભૂતકાળમાં જે કંઇ જીવ વિરાધના થઇ હોય અર્થાત પ્રાણાતિપાતદ્વારા હિંસાજન્ય દોષ લાગ્યા હોય અને જેની સંખ્યા યાને પ્રચાર ૪૯ ના આંકે પહોંચે છે તે ખંખેરી નાખે છે. વર્તમાન કાળ આશ્રયી એ પ્રાણાતિપાતના ૪૯ પ્રકાર માટે નિયમન કરે છે અને ભવિષ્યકાળને અવલંબી નિષેધ કરે છે. ઉપર પ્રમાણે શ્રમણોપાસકના સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ વ્રતના કુલ ૧૪૭ ભેદ થાય છે. આ રીતે સ્થૂલ મૃષાવાદ-વિરમણ અને સ્થૂલ અદત્તાદાનવિરમણ, સ્થૂલ મૈથુનવિરમણ અને સ્થૂલ પરિગ્રહ-વિરમણ એ દરેક અણુવ્રતના ૧૪૭-૧૪૭ ભેદ થાય છે. એ બધામાં અમુક વ્રતના અમુક ભેદનું પાલન કરનાર પણ શ્રમણોપાસક ગણાય છે. ઉપર વર્ણવ્યા મુજબ વિવિધ ભંગોથી વ્રત પાળનાર વ્યક્તિ શ્રમણોપાસકના વર્ગમાં આવે છે.

હે ગૌતમ! ત્હેં આજીવકોની શંકાને આગળ ધરી પ્રશ્ન કરેલા એટલે અહીં એ પણ જણાવવાની અગત્ય છે કે આવી વિચારણા હાલના આજીવકોપાસકમાં નથી.

આજીવકનું મંતવ્ય છે કે સચિત્ત પદાર્થોનું ભોજન કરવું. સર્વ પ્રાણિઓનું છેદન ભેદન કરી અથવા તો એનો વિનાશ કરી ભોજન કરવું. આજીવક શાસ્ત્રોની આ વાત વિલક્ષણ છે. આજીવક મતમાં જે બાર પ્રસિદ્ધ ઉપાસકો ગણાય છે અને જેના નામ તાલ-તાલપલંબ આદિ છે એ સર્વ અરિહંતને દેવ માનનારા અને માતા-પિતાની સેવા કરવાવાળા હતા. તેઓ ગૂલરપીપળ વી૦ના ફળો અને પ્યાજ, લસણ વિગેરે કંદમૂળ ખાતા નથી. જ્યાં ઉપરના નિયમ પાળે ત્યાં ત્રસજીવોની રક્ષા તો હોય જ. પોતાની આજીવિકામાં બળદનો ખેતી વિગેરેમાં ઉપયોગ કરવાની અગત્ય રહેતી છતાં એના નાક વીંધતા નહીં.

જ્યારે આજીવકોપાસક ગણાતા માનવોનું જીવન ઉપર પ્રમાણે નિર્દોષ હતું ત્યારે જેઓ શ્રમણોપાસક છે, જીવદયા જે ધર્મના મૂળમાં છે એમના માટે તો કહેવું જ શું? એમણે પંદર કર્માદાનનો ત્યાગ કરવો જોઇએ.

સંસારમાં રહેલા જીવોને સાવ નિર્દોષ રીતે આજીવિકા ચલાવવાનું ન ફાવી શકે, પણ એ ધર્મમાર્ગે રહી પોતાના નિર્વાહ અર્થે ઝાઝા આરંભ-સમારંભમાં તલ્લીન બન્યા વગર અર્થ અને કામ સાથે ધર્મ પુરુષાર્થ પણ સાધતા રહે અને આત્મસાક્ષાત્કારના લક્ષ્યથી ચલિત થવા ન પામે એ સારુ જૂદા જૂદા પ્રસંગે ભગવંતે પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીને ઉદ્દેશી જે જે પ્રવચન કરેલ છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે. આજના વિષમ સમયમાં તેઓશ્રીના આગમજ્ઞાનનો વિસ્તારથી પ્રચાર કરવાની જરૂર છે. એ કાર્યમાં લાંબો વિહાર કરી, ભારે પરિશ્રમ સેવી જેસલમેર પહોંચેલા મુનિશ્રી પુણ્યવિજયજીના કાર્યમાં પ્રત્યેક સંઘોએ પૂર્ણ સહકાર આપવાના શપથ ભગવંત શ્રી વર્ધમાનસ્વામીના આજના પવિત્ર જન્મદિને લેવા જોઇએ.

જે શાંતિની ભૂખ આજના વિશ્વને છે તે શ્રી અરિહંત દેવના આગમ સિવાય અન્યથી સંતોષાવાની નથી એટલે એનું પ્રકાશન દેશકાળને અનુરૂપ કરવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નામોની અવિચ્છિન્ન પુનરાવૃત્તિઓ.

( લે. પ્રો. **હીરાલાલ** ર. કાપડિયા, એમ. એ. )

કોઈનાં નામ અમર રહ્યાં નથી ને રહેવાનાં નથી એમ સામાન્ય રીતે બોલાય છે. જૈન તીર્થંકરોને અંગે એમ કહેવાય છે કે ઋષભ, વર્ધમાન, ચન્દ્રાનન અને વારિષેણ એ ચાર [1]નામ જ શાશ્વત છે. ચક્રવર્તીઓને ઉદ્દેશીને એવો ઉલ્લેખ છે કે એનું નામ ભૂંસાય ત્યારે અન્યનું લખાય. આમ નામ સદાને માટે કાયમ રહે એ બનવું લગભગ અશક્ય છે તો પણ પોતાના પૂજ્ય પૂર્વજોનાં નામને ચિરસ્મરણીય રાખવાના હેતુથી પ્રત્યેક પેઢીએ નવું નામ ન યોજાતાં પહેલાનાં નામ કે-નામોની પુનરાવૃત્તિ કરાય છે.

વિ. સં. ૭૦૦ માં પૂર્ણ કરાયેલી **કુવલયમાલા**ના કર્તાનું નામ **ઉદ્દ્યોતન** છે, એમના પિતાનું નામ **વડેસર** છે અને એમના પ્રપિતાનું નામ ઉદ્દ્યોતન છે. આમ પૌત્ર અને પ્રપિતાનાં નામ એક જ છે. આ એ સમયની ક્ષત્રિયોની નામકરણની પદ્ધતિનું સૂચન કરે છે.

જૈન મુનિવરોની નામાવલીનો વિચાર કરતાં જણાય છે કે કેટલાક ગચ્છોમાં અમુક નામોની શ્રેણિનું લાગલાગટ પુનરાવર્તન કરાયું છે. દા. ત. વાયડીય યાને 'વાયડ' ગચ્છમાં **જિનદત્ત, રાશિલ** અને **જીવદેવ** એનાં એ નામ ફરી ફરીને પડાયેલાં જોવાય છે.

**નયપયપયરણ**ના કર્તા **દેવગુપ્તસૂરિ**ના '**ઉકેશ**' ગચ્છમાં **થોડે થોડે** આંતરે **દેવગુપ્ત, કક્ક, સિદ્ધ** અને **જિનચન્દ્ર** એ નામનાં લાગલાગટ ચચ્ચાર આચાર્યો થયા છે.

'ભાવડ' ગચ્છમાં **ભાવદેવ, વિજયસિંહ, વીર** અને **જિનદેવ** એ નામના ચચ્ચાર આચાર્યો થયા છે.

'પલ્લીવાલ' ગચ્છમાં તો સાત સાત નામોની શ્રેણિની અવિચ્છિન્નપણે આવૃત્તિઓ જોવાય છે. "શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રન્થ" માં શ્રી. અગરચંદ નાહટાએ રજૂ કરેલી આ ગચ્છની એક પટ્ટાવલી છપાઇ છે. એમાં કહ્યા મુજબ વિ. સં. ૧૬૧ માં **શાન્તિ** નામના એક સૂરિ થયા. એમની પછી ( ૧ ) **યશોદેવ**, ( ૨ ) **નન્ન**, ( ૩ ) **ઉદ્દ્યોતન**, ( ૪ ) **મહેશ્વર**, ( ૫ ) **અભયદેવ** અને ( ૬ ) **આમદેવ** નામના આચાર્યો થયા. એમના પછી લાગલાગટ છેક વિ. સં. ૧૬૮૭ સુધી આ જ સાત નામના આચાર્યો થયા. આ

---

[1] આ ચાર નામો **ઠાણ** ( ઠા. ૪, ઉ. ૨; ૨૩, ૩૦૭ ) માં અપાયાં છે.

જગચ્ચન્દ્રસૂરિના શિષ્યવર્ય અને વિ. સં. ૧૨૬૪ માં **ચન્દ્રપ્રભચરિત્ર** રચનારા **દેવેન્દ્રસૂરિએ** **સાસયજિણભવણથોત્ત** ૨૪ ગાથામાં રચ્યું છે. એની પહેલી ગાથામાં આ ચાર નામ છે. એના ઉપરની **અવચૂરિ**માં ઋષભાદિ ચારને ચાર શાશ્વત જિન તરીકે ઓળખાવ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વજ્ઞાનની આવશ્યકતા.

લેખિકા—મૃદુલા છોટાલાલ કોઠારી-લીંબડી

ધાર્મિક અભ્યાસ કરવાની શી જરૂર છે? અર્વાચીન યુગમાં પાશ્ચાત્ય કેળવણી લીધેલી દરેક વ્યક્તિને જીવનના દરેક ક્ષેત્રોમાં ધર્મ નકામો લાગે છે. એવા નકામાં તત્ત્વના અભ્યાસમાં સમય કેમ બગાડી શકાય? આ માન્યતા તેઓમાં ઘર કરી બેઠી છે. તેમની દૃષ્ટિએ ચિત્રકલા, સંગીત અથવા તો બીજો કોઇ પણ અભ્યાસ જેટલો આવશ્યક લાગે છે એટલો ધર્માભ્યાસ નથી લાગતો. અલબત્ત ધાર્મિક સિવાય બીજું બધું જ્ઞાન નિરર્થક છે એમ ન કહી શકાય.

તો પછી પ્રાચીનકાળના મહર્ષિઓ શું મૂર્ખ હતા કે એમના વિચાર, વાણી અને વર્તનમાં ધર્મ સિવાય બીજા કોઇ તત્ત્વને સ્થાન નહોતું? એમના જીવનના દરેકે દરેક ક્ષેત્રમાં ધર્મ કેમ ઓતપ્રોત થઇ ગયો હતો? ફક્ત એક જ કારણ કે તેઓ માનતા કે ધર્મમાં જ સર્વ કલાઓ સમાએલી છે. એ એક કલા જાણવાથી સઘળી કલાઓ એની મેળે જ, આપોઆપ, જણાઇ જાય છે; જીવનની અટપટ ગુંચો કે મુશ્કેલીઓના ઉકેલ માટે ધર્મની એક જ કુંચી બસ છે.

સમજણપૂર્વકનો થોડો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ ઉન્નતિ કરાવી શકે. કદાચ કોઇ મનુષ્ય બીજું કાંઇ ન જાણે અને ફક્ત એટલું જ માને કે **कर्मस्य गहना गतिः**। કર્મની ગતિ ગહન છે તો જ્યારે જ્યારે કાંઇ દુઃખ અથવા મુશ્કેલી આવે ત્યારે એ તરતજ કર્મના સ્વભાવને ચિંતવીને કલેશ ઓછો કરવા પ્રયત્ન કરશે જ. કદાચ કોઈવાર કોઈની સાથે કલેશનો પ્રસંગ આવે તો પણ મૌન રહીને સહેવામાં જ આનંદ માનતા શીખશે. પછી એને અપશબ્દો વાપરતા શરમ આવશે; કદાચ બોલાઇ ગયા હોય તો પણ પાછળથી પશ્ચાત્તાપ તો જરૂર થશે જ. જો નિયમિત કોઇ નિત્યકર્મ, પૂજા, વાંચન, જપ ઇત્યાદિ-કરવાની આદત કેળવી હશે તો એટલા સમય પૂરતું તો જરૂર એ ચિંતાથી મૂક્ત રહી શકશે.

---

ઉપરથી આટલાં વર્ષોમાં આ ગચ્છમાં સાત શાન્તિસૂરિઓ થયા એમ કહી શકાય. એમનાં વર્ષ નીચે મુજબ છે—

૧૬૧, ૪૯૫, ૭૬૮, ૧૦૩૧, ૧૨૨૪, ૧૪૪૮ અને ૧૬૬૧. ૧૪૪૮ **ની** સાલ ભ્રામક તો નથી એવો પ્રશ્ન પં. માલવણિયાએ **ન્યાયાવતારવાર્તિક** વૃત્તિની પ્રસ્તાવના-(પૃ. ૧૪૯) માં ઊઠાવ્યો છે.

જેમ જૈન વ્યક્તિઓનાં નામોમાં પુનરાવૃત્તિ જોવાય છે તેમ અન્યત્ર છે કે નહિ એ પ્રશ્ન તેમજ બીજાં આવાં જૈન નામો કયાં છે એ પ્રશ્ન પણ સૂચવતો વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કોઈ એવો પ્રશ્ન ઊઠાવે કે તે ધર્મના અભ્યાસની શી આવશ્યકતા છે? ફક્ત શ્રદ્ધા રાખીએ તો ન ચાલે? પરંતુ જ્ઞાન વગરની સમજણ, શ્રદ્ધા ગંજીપાના મહેલ જેવી છે. પવનના એક જ સૂસવાટે જમીનદોસ્ત થઈ જાય. પતનની બીક ક્ષણે ક્ષણે રહે છે.

"શ્રદ્ધા પણ સ્થિર તો રહે, જો હોય તત્ત્વ વિજ્ઞાણ રે ભવિકજન."

એ પ્રમાણે જ્ઞાન વગર એને સ્થિર રાખવી મુશ્કેલ છે. બાલ્યાવસ્થામાં નિયમિત ધર્મકાર્યો કરતી વ્યક્તિને જો એ કરવા પાછળનો ઉદ્દેશ સમજાવવામાં ન આવે તો મોટા થયા પછી એ બધી ક્રિયાઓ કે અનુષ્ઠાનો ચાલુ રહે કે કેમ એ એક શંકા છે. આમ જ્ઞાનવગરની શ્રદ્ધા નિરર્થક છે, પરંતુ તે જ રીતે શ્રદ્ધા વગરનું જ્ઞાન પણ નિરર્થક જ છે.

સિજ્ઝંતિ ચરણરહિઆ, દંસણરહિઆ ન સિજ્ઝંતિ,

ચરણ કરણ વિનાના સીદાય છે, પણ દર્શન–શ્રદ્ધા વિનાના સીદાતા–દુઃખી થતા નથી.

કદાચ એકલી શ્રદ્ધાથી નિસ્તાર થયાના કોઈ કોઈ દાખલા મળશે પરંતુ એકલા જ્ઞાનથી તર્યાનો એક પણ દાખલો નથી એટલે શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન અગર તો જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા એ કલ્યાણને માટે અનિવાર્ય આવશ્યક છે. જ્ઞાન અને શ્રદ્ધા એ મુમુક્ષુના રથના બે ચક્રો છે. એકાદ સહેજ નબળું હોય તો પણ ઇચ્છિત સ્થાને ન પહોંચી શકાય.

વ્યાખ્યાન અગર તો બીજા કોઈ પ્રસંગે ધર્મસ્થાનો પર રહેલા જ્ઞાનીઓ, વિદ્વાનો, આચાર્યો પોકારી પોકારીને કહે છે કે **अहिंसा परमो धर्मः** સિદ્ધાંતો ને સૂત્રે સૂત્રે તેઓ યતના રાખવાનું કહે છે. શ્રદ્ધા હોય તો પણ કોની યતના કરવી એ સમજાય નહિ ત્યાં સુધી એ શબ્દો ગધેડાને સાકર પીરસવા જેવા છે. એ **एगंत सुहावहा जयणा**ને પરિપૂર્ણતાથી એકાંત સુખ આપનારી જતનાને જીવનમાં ઉતારવા માટે જે શ્રેણીએ ચઢવાનું છે, તેનું પ્રથમ સોપાન જ "જીવવિચાર" છે એટલે એ જાણવાનો, એનું ચિંતવન કરવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઈ. અર્થાત્ ધર્માભ્યાસ આત્મકલ્યાણને માટે પરમ આવશ્યક છે. અજાણપણે રાચીમાચીને કર્મબંધનોને ગાઢ બનાવતા જીવોને પાપભીરુ બનાવવાનું કોઈ અનેરું સાધન હોય તો તે તત્ત્વનું ચિંતવન–અભ્યાસ જ છે.

**अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।**

આત્માને સાંસારિક વિલાસોથી પૂર્ણ કરવા ઈચ્છીએ તો એ અપૂર્ણ ન રહે અને એ વિલાસોથી અપૂર્ણ–અલિપ્ત રાખીએ તો જ પૂર્ણાવસ્થાને પામે. એ પરમ સિદ્ધાંત દર્શાવીને કલ્યાણપંથે દોરવાનું કાર્ય કરવાને ધર્માભ્યાસ સિવાય બીજી કોઈ કળા, બીજો કોઈ અભ્યાસ કે બીજો કોઈ વાદ સમર્થ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરનું ચિત્રમય જીવનચરિત્ર

( લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,–માલેગામ. )

પ્રભુ મહાવીર અને અન્ય તીર્થંકરોના જીવનપ્રસંગો તેમજ જૈનાચાર્યો અને રાજાઓના જીવનપ્રસંગો પ્રાચીન કાળમાં પુસ્તકોમાં આલેખાએલા નજરે પડે છે. ચિત્રકલા અને સાધનસામગ્રીની વૃદ્ધિ થતા શાસ્ત્રમાં પ્રદર્શિત કરેલી ભાવનાને નહી દુભવતા અર્વાચીન સાધનસામગ્રીમાં પ્રભુ મહાવીરનું ચિત્રમય ચરિત્ર લેખન થાય તો તે ખરેખર જ આદરને પાત્ર થાય. બાલજીવોને મનોરંજન સાથે પ્રભુના ચરિત્રની માહિતી અનાયાસે થાય. જૈન ધર્મના કર્મ સિદ્ધાંતનો, મુનિગણુના પાવિત્ર્યનો, અહિંસા, સત્ય અને વિરાગનો મહિમા કેવો હોય છે એની કલ્પના બાલજીવોને પણ અનાયાસે થાય તેટલા માટે કોઇ એવા ચિત્રો તૈયાર કરવાનો પ્રયાસ કરે એ ઇચ્છવાજોગ ગણાય. પૂનાની ચિત્રશાળામાં પ્રગટ કરવામાં આવેલ ચિત્ર કોઇપણ રીતે આકર્ષક થએલ નથી. તેની માહિતી આપનાર કોઇ અપૂર્ણ જ્ઞાની હોય એમ જણાય છે. ત્યાર પછી એવો પ્રયત્ન કોઇએ કરેલો જોવામાં આવેલ નહીં.

કેટલાએક વરસોથી અનેક મુનિવર્યો પાસે આવા ચિત્રસમૂહની અમોએ ચર્ચા કરી. બધાઓએ તેની અગત્ય સ્વીકારી પણ આ કાર્ય માટે અત્યંત ભાવપૂર્વક ચિવટાઇથી કાર્ય ઉપાડી લે અને યોગ્ય ચિત્રકાર મેળવી તેની પાસે પૈસાની દરકાર કર્યા વગર ચિત્રો દોરાવવાનો પ્રયાસ કરે એવા ધર્મપ્રેમી બંધુના અભાવે અમારા વિચારો મનમાં જ વિરામ પામી ગયા હતા. એવામાં માલેગામમાં જ ભાઇ શ્રી કીસનદાસ ભૂખણદાસે શ્રી શત્રુંજયના દશ્યોના ફોટાઓ મેળવી, તે મોટા કરી રંગીન રૂપમાં ચિત્રો બનાવરાવ્યા. ત્યારબાદ ભાઇ કીસનદાસનો વિચાર થયો કે તીર્થંકરોના પંચકલ્યાણકના પાંચ ચિત્રો કરાવવા અને જે દિવસે જે કલ્યાણક કે કલ્યાણકો હોય તે દિવસે તે ચિત્રો મંદિરમાં મૂકવામાં આવે તે દષ્ટિથી ચિત્રો જુદા જુદા આર્ટિસ્ટો પાસે દોરાવવાનો પ્રયત્ન કર્યો. તેથી તેમને પૂર્ણ સમાધાન ન થયું. કારણ અજૈન માણસને મોઢે સમજાવવું અને તે મુજબ સ્કેચ તૈયાર થાય ત્યારે તેમાં અનેક ખામીઓ જોવામાં આવે તે મુજબ ફેરવવા પ્રયત્નો કરવા એ કંટાળાભર્યું જણાયું ત્યારે એ પ્રયત્ન છોડી જ દેવાનું મન થયું.

એવામાં ભાઇ કાપડીઆનો ચિત્રસંપુટ જોવામાં આવ્યો. તેમાં જણાતાં ગુણદોષો ઉપર વિચાર થયો અને ભાઇ કીસનદાસના વિચારમાં મોટી ક્રાંતિ થઇ. અમારા મનમાં પ્રભુ મહાવીરના સત્તાવીસ ભવો સુદ્ધાં આખું જીવનચરિત્ર ચિત્રમય બનાવવાની જે કામના હતી તે વિચાર ભાઇ કીસનદાસે અપનાવ્યો અને ગમે તે ભોગે આવું ચિત્રમય ચરિત્ર તૈયાર કરવાનું તેમના વિચારમાં આવ્યું.

કલ્પસૂત્ર શ્રી વિનયવિજયજીની સુખબોધિકા ટીકાવાળું, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાંનું દશમું પર્વ, ગુણચંદ્ર ગણિકૃત શ્રી મહાવીર ચરિત્ર એટલા પુસ્તકો તેમણે મેળવ્યા. તેનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત વાચન ચાલુ રાખી કયા પ્રસંગો ચિત્રિત કરવા તેનું મનોમંથન શરૂ કર્યું. પાલીતાણામાં શ્રી શત્રુંજયના ચિત્રપટ માટે શ્રી આદીશ્વરદાદાની પરમમનોહર મૂર્તિનો સ્કેચ મેળવવા માટે પ્રયત્ન કરતા જે આર્ટિસ્ટ સાથે પરિચય થયો હતો તે ભાઇ હરિભાઇ પ્રેમજી ત્રિવેદી જી. ડી.ને એ કામ સોંપવાનું તેમને મન થયું. તેઓ માલેગામ આવ્યા અને ચિત્રો બનાવવા તૈયાર થયા. ભાઇ કીસનદાસનો સંકલ્પ વધ્યો. નિત્ય ચરિત્ર-વાચના, ચિત્રરચનાની કલ્પના, મિ. ત્રિવેદીનું કલ્પનાચાતુર્ય અને તેમની મનમોહક કલમને મૂર્ત સ્વરૂપ આવવા માંડયું અને લગભગ ૪૦ ચિત્રોનો સંકલ્પ થયો.

- પ્રભુ મહાવીરના ૨૭ ભવમાંથી પ્રથમ નયસારનો ઇમારત અને રથ માટે લાકડા મેળવવા માટે જંગલમાં પ્રવેશ. ત્યાં લાકડા કાપવા, વેરવા વિગેરે કાર્યો. ભોજનવેળાએ સાધુઓના આગમનથી ધર્મવિચારો, મુનિદાનની ઇચ્છા, અકસ્માત તે ઇચ્છાપૂર્તિ, મુનિઓનો સહવાસ, ઉપદેશશ્રવણ અને સમ્યકત્વપ્રાપ્તિ. એ ચિત્ર એટલું તો સુંદર બન્યું છે કે, આપણે પ્રભુના આત્મા સાથે એકરૂપ થઇ જઇએ છીએ.

- સ્વર્ગ અને બીજા ભવોનો સંબંધ, સ્વર્ગ નર્કના ચિત્રો દોરી જેવાં કર્મો આત્મા કરે છે તેવા જ આબેહુબ ફળો તેને ભોગવવાના હોય છે એનો પરિચય એટલો તો સમ્યક્ આપવામાં આવ્યો છે કે દરેક ભવભીરુ આત્માને તેમાંથી લાભ જ થાય.

- મરિચીના ભવમાં પ્રભુ ઋષભદેવ પાસે મરિચી દીક્ષા ગ્રહણ કરે છે. પાછળથી પોતાની અશક્તિ જણાતા મરિચી શિથિલાચારી થાય છે, પણ પ્રભુની દીક્ષાને ઊણપ ન આવે તેટલા માટે ત્રિદંડી વેશની રચના કરે છે. ભરત રાજાએ પ્રભુ પાસે મરિચીના આગામી ભવનું ભવિષ્ય જાણ્યું. તેથી ભરતના મનમાં મરિચી માટે ઘણો આદરભાવ વધ્યો. તેથી તેઓ મરિચીને વંદન કરે છે અને પ્રભુના મુખથી સાંભળેલ હકીકત મરિચીને કહે છે. આ બધું જાણતા અને પ્રભુના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા હોવાથી તેની વિચારધારામાં અહંકાર અને મદ ગુપ્તરૂપે પ્રવેશે છે. ઉન્માદમાં આવી નાચે છે. ત્યારપછી મરિચી માંદા થાય છે. પોતાને શિષ્ય નથી. બધાઓને ઉપદેશી પ્રભુ પાસે મોકલેલ તેથી તેને ખેદ થાય છે. તેને ગમતો શિષ્ય કપિલના રૂપમાં મળી જાય છે. તેને ઉપદેશ દેતા મિશ્રભાવયુક્ત **'મારી પાસે પણ ધર્મ છે અને પ્રભુ પાસે પણ ધર્મ છે'** એમ કહેવાથી મોટું અશુભ કર્મ બાંધે છે, એ ચિત્રમાલા એક અપૂર્વ વસ્તુ છે. જરા જરા પણ ભૂલ થતા કર્મરાજા આત્મા ઉપર કેવી શક્તિ ફેરવી તેનું ક્યાંસુધી પતન થાય છે તેનો પૂરેપૂરો પરિચય આપે છે.

- વિશ્વભૂતિના ભવમાં પોતાની રાણીઓ સાથે પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરવા જાય છે. ત્યાં તેના પિતરાઇ ભાઇ વિશાખાનંદી ક્રીડા કરવા આવ્યા. પોતાના બંધુ ત્યાં હોવાથી તે અંદર જઇ શક્યા નહીં. દાસીઓએ વિશાખાનંદીની માતા પ્રિયંગુ રાણી પાસે વિશ્વભૂતિ વિષે ઇર્ષ્યા ઉત્પન્ન કરી. રાણી રીસાઇ અને વિશ્વભૂતિને વગર કારણે લડાઇ ઉપર મોકલ્યો. વિશ્વભૂતિ પાછો આવ્યો. ઉદ્યાનના બારણે રક્ષકોએ તેમને રોકયા. તેમણે કોઠાના ઝાડને ધક્કો મારી બધા કોઠા પાડી નાખ્યા. રક્ષક ગભરાયો ને સાચી હકીકત વિશ્વભૂતિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવી. જગતના પ્રપંચોનો વિચાર આવતાં અને જગતની અસ્થિરતા જોતાં વિશ્વભૂતિ ચારિત્ર અંગીકાર કરે છે. એ દશ્યનું ચિત્ર અત્યંત આકર્ષક થએલ છે અને જગતની પ્રપંચ જાલ અને મોહિનીનો ખ્યાલ ઊભો કરે છે.

માસક્ષમણનું તપ કરતા વિશ્વભૂતિ મુનિ મથુરામાં પ્રવેશે છે. ત્યાં તેમના કૃશ શરીરને એક ગાય ધક્કો મારી પાડી નાખે છે. વિશાખાનંદી તેમની નિર્બલતાની મશ્કરી કરે છે. ત્યારે વિશ્વભૂતિ તે ગાયને દબાવી દે છે અને વિશાખાનંદીને પરાભવ પમાડવાનું નિયાણું બાંધી તપ આદરે છે.

હવે ત્રિપૃષ્ટ વાસુદેવના ભવની ચિત્રમાલા આવે છે. પ્રજાપતિ રાજાને મૃગાવતી કન્યા હતી. રાણીએ એ પરણવા યોગ્ય જાણી દાસીઓ સાથે તેને રાજસભામાં મોકલી અને રાજાને તેને યોગ્ય વર સાથે પરણાવવા જણાવ્યું. રાજાના ખોળામાં મૃગાવતી બેઠી. જગદ્જિયી કામદેવે રાજાને મતિવિભ્રમ જગાડ્યો. રાજાએ સામંતો પાસેથી સંમતિ મેળવી મૃગાવતી સાથે લગ્ન કર્યું. તેને ત્રિપૃષ્ટનામા પુત્ર થયો. એ જ ત્રિપૃષ્ટ વાસુદેવ. એના જન્મ પહેલા માતાએ સાત સ્વપ્નો જોયા હતા. વિશાખાનંદીનો જીવ સિંહ થાય છે. મહાવીરનો જીવ ત્રિપુષ્ટ તે સિંહનું દમન કરે છે. બાદ વાસુદેવ સંગીતના મોહમાં ઊંઘી જાય છે. શય્યા-પાલક ગાનલુબ્ધ બની ગાયન બંધ કરતા નથી. રાજા જાગ્રત બની કોપાવિષ્ટ બને છે અને કાનમાં તપ્ત ધાતુરસ રેડાવે છે. આવા નિકાચિત કર્મનો પરિપાક તો પ્રભુના ભવમાં કાનમાં ખીલા ઠોકવાના રૂપમાં આપણે જાણીએ છીએ. આ ચિત્રપટ પણ અત્યંત મનમોહક અને ઉપદેશક બનેલ છે.

પ્રિયમિત્ર ચક્રવર્તિના ભવમાં અધિકાર સૂચક ૧૪ રત્નોની પ્રાપ્તિ થાય છે અને નંદનમુનિના ભવમાં વીસ સ્થાનક તપનું સુંદર આરાધન કરવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે.

દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં પ્રભુનું અવતરણ, બાદ દેવેંદ્રની ચિંતા. ગર્ભ-પરિવર્તનનો નિશ્ચય, ત્રિશલા દેવીના ગર્ભમાં હરિણગમેષી દેવના હાથે સ્થાપન વિગેરે સુંદર ચિત્રમાલા આલેખાએલી છે. ચૌદ સ્વપ્નોની હારમાલા ગર્ભમાં પ્રભુએ દયાબુદ્ધિથી કરેલું હલનચલન બંધ. માતાનું વિમાસણ, ફરી ગર્ભચલન થતા આનંદ, પ્રભુનો જન્મ, દેવતાઓએ અનેક રીતે ઉજવેલ જન્મ મહોત્સવ, કુંડગ્રામના નગરજનો તેમજ આપ્તજનોએ કરેલ જન્મોત્સવ વિ૦ જોતાં તો દરેકના હૃદયમાં પ્રભુ માટે વાત્સલ્ય ભાવ ઉભરાઇ જાય છે.

હજુ લગભગ અડધા ચિત્રો થવા બાકી છે. કાર્ય ચાલતું રહે તો આવતા વરસે એ ચિત્રપટ પૂર્ણાહુતિ મેળવશે એવો સંભવ છે.

આ ચિત્રપટ તૈયાર કરવાની અત્યારે ભાઈ કીસનદાસની તમન્ના છે. આગલ તે ચિત્ર-પટ છપાવી તેની નકલો કરાવવાનો પ્રશ્ન ઉત્પન્ન થશે જ. ભાઇ કીસનદાસ એ સાહસ ઉપાડી લ્યે એ અશક્ય પ્રાય છે. એ માટે તો કોઇ ધર્મપ્રેમી લક્ષ્મીપતિની જરૂર પડશે જ. એ ચિત્રો પ્રત્યક્ષ જોયા પછી એ કાર્ય ઉપાડવા માટે કોઇ ઉદારાત્મા આગળ આવશે એવી અમોને પૂર્ણ ખાત્રી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના નવા માનવંતા પેટ્રન

## શેઠશ્રી જીવાભાઇ.

શેઠશ્રી જીવાભાઇ પ્રતાપભાઇ ( શેઠ જીવતલાલ પ્રતાપશી ) શ્રી જૈનધર્મ પ્રસારક સભાના માનવંતા પેટ્રન થયા છે તે સભાને ઘણો હર્ષનો અને ગૌરવનો વિષય છે. આવા સજ્જનોના સભ્યપદમાં સભાની પ્રતિષ્ઠા અને ગૌરવતા છે. જીવાભાઇ શેઠ એક ધર્મચુસ્ત, ધર્મપ્રત્યે અનન્ય ભક્તિવાળા,



રાવબહાદુર

શેઠ જીવતલાલ પ્રતાપશીભાઈ

માનવંતા પેટ્રન

ધર્મના અનુષ્ઠાનોને પાળવાવાળા અને જીવનમાં ધર્મોને મૂર્તિમંત સ્થાપવાવાળા છે. તેઓશ્રીએ આપબળે સારી સંપત્તિ પ્રાપ્ત કરેલ છે, અને પોતાની સંપત્તિનો સુવ્યય કરવામાં પાછી પાની કરી નથી. તેઓશ્રીએ કાઢેલ સંઘની સ્મૃતિ હજુ સ્મરણપટમાં તાજી છે. છેલ્લા દશેક વર્ષમાં તો તેઓશ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈનસંઘના એક ચુસ્ત સુકાની છે. તેઓશ્રીને પોતાની પ્રશંસા બહુ ગમતી નથી. અમે પણ તેઓશ્રીની ઐહિક સુખ-સંપત્તિની ઘોષણા કરવા ખુશી નથી.

હાલમાં તેઓશ્રી પરમ પવિત્ર સિદ્ધાચલજીમાં રહી નવકારમંત્રનો જાપ કરે છે. નિયમસર પ્રાતઃકાળે સામાયિક, પ્રતિક્રમણ આદિ નિત્ય નિયમો કરવા, સિદ્ધાચળગિરિની યાત્રા કરવી, આદીશ્વર ભગવાનની ભાવપૂર્વક પૂજા-સેવા કરવી, એકાશન ભોજન કરવું, બપોરના ગુરુમહારાજના મુખથી વ્યાખ્યાન સાંભળવું, સાંજની પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી, તે તેઓશ્રીનો હાલનો નિત્યક્રમ જોવામાં આવે છે.

ગુરુમહારાજશ્રીના ઉપદેશથી તેઓશ્રી આ વરસે સિદ્ધાચળમાં વ્યવહારિક વ્યવસાય છોડી દઈ ચિત્તને એકાગ્ર કરી નવ લાખ નવકારમંત્રનો જાપ કરે છે. મંત્રોનો જાપ સાલંબન ધ્યાનનો વિષય છે. આ જાપ શ્રદ્ધાપૂર્વક પ્રમાદવિના એકાગ્રચિત્તે જપવામાં આવે તો શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**अट्ठेव य अट्ठसया अट्ठसहस्स अट्ठलक्ख अट्ठकोडीओ ।**
**जो गुणइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥**

જે ભક્તિયુક્ત આત્મા આઠ, આઠ સો, આઠ હજાર, આઠ લાખ કે આઠ ક્રોડ નમસ્કાર ગણે છે તે શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરે છે, અર્થાત્ મહામંગલ નવકારમંત્રનો જાપ મોક્ષને આપનાર છે.

ચેતના જીવનો સ્વભાવ છે, ચેતના ગુણથી જીવ અજીવથી જૂદો પડે છે. જીવનો ચેતના ધર્મ પરિણામી-ઉપયોગ યુક્ત હોય છે. જૈનદર્શનના સિદ્ધાંત પ્રમાણે જીવનો ચેતના ધર્મ એક પણ સમય કૂટસ્થ-પરિણામ વિના રહેતો નથી, માટે જેટલો વખત જીવ પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવમાં ઉપયોગવંત રહે તેટલો સમય જીવ અશુભ કર્મો બાંધતો નથી, શુભ કર્મો જ બાંધે છે. જીવ આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં રત ન રહે અને ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં રત રહે માટે નવકાર જેવા મહામંત્રના જાપની-ધ્યાનની મોક્ષાર્થી જીવને જરૂર છે. આવો મહામંત્રનો જાપ-નવ લાખ પ્રમાણ પૂરતો શ્રી જીવાભાઇ સિદ્ધાચળ ક્ષેત્રમાં સ્થિરવાસ કરી જપે છે તે પ્રશંસનીય તેમજ ખરેખર અનુકરણીય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દેવવંદનમાળા ( વિધિ સહિત )

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ. ચોમાસી, અગિયાર ગણુધરો વિગેરેના જુદાં જુદા કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને પોણા ત્રણુસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણુ, પોસ્ટેજ જુદું

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## આગમોનું દિગ્દર્શન લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણુ અજાણુ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

---

## દાનધર્મ, પંચાચાર લેખક—શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાંચ આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇના આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય રૂા. એક.

---

### પાઠશાળા ઉપયોગી પુસ્તકો આવી ગયા છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણુ મૂળ | રૂા. ૧-૪-૦ | ગુણુસાર ( કથા ) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણુ સૂત્ર મૂળ. | રૂા. ૦-૬-૦ | જયવિજય ( ,, ) | ૦-૮-૦ |
| શ્રી અર્હંત-પ્રાર્થના ( સ્તુતિ ) | ૦-૪-૦ | હરિબલ ( ,, ) | ૦-૮-૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય ( વરદત્ત ગુણુમંજરી ) ( ,, ) | ૦-૮-૦ |

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

જાહેરાતને પરિણામે થોડી જ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે તુરત જ લખી જણાવો.

## શ્રી આનંદઘનજી—ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી એક ગ્રંથરૂપ છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧–૧૪–૦ પોસ્ટેજ અલગ.

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇંડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ

મહાપ્રભાવિક નવસ્મરણ ઉપરાંત ઘંટાકર્ણ, સરસ્વતી મંત્ર, ઋષિમંડળ, ગૌતમસ્વામી રાસ વિગેરે ઉપયોગી સ્મરણોનો સંગ્રહ. ગુજરાતી ટાઇપ, પોકેટ સાઈઝ, પાકું કપડાનું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડો. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only